

P.07

લવ એન્ડ વોરમાં પ્રિયંકા ચોપરા આઈટમ સોંગ કરે તેવી ચર્ચા

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૦૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ સુદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 05 • Dt.05-08-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

મલાઈકા આઉટિંગ પર નીકળી, સ્ટાઈલિશ લુકમાં છવાઈ ગઈ




યમનના દરિયામાં મોટી દુર્ઘટના । ૧૫૪ આફ્રિકન શરણાર્થીને લઈ જતી બોટ ડૂબી । ૬૪નાં મોત



07

05 AUGUST- 2025 TUESDAY



07

કરુણ દૃશ્યો : ભોજનની રાહ જોતી ભીડ પર અંધાધૂંધ ગોળીબાર । ગાઝામાં વધુ ૨૩ના મોત





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ કાર્યો મંજૂર કર્યા**

## આ ભંડોળનો ઉપયોગ માળખાકીય સુવિધાઓના વિકાસ, આઇકોનિક રોડ્સ, પાણી પુરવઠા, સ્ટોર્મ વોટર માટે થશે

# ૧૯ શહેરો માટે રૂ.૪૧૭૯ કરોડના વિકાસ કાર્યો મંજૂર

## આ રકમ અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર સહિત નવરચિત મહાનગરપાલિકાઓ મોરબી, પોરબંદર, અને નડિયાદને તથા ૧૨ નગરપાલિકાઓને મળશે, જેનાથી નાગરિકોના જીવનધોરણમાં સુધારો થશે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

ગુજરાત સરકાર દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ ની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરોમાં બહુવિધ વિકાસ કાર્યો માટે રૂ.૪૧૭૯ કરોડની મોટી રકમ મંજૂર કરી છે. આ ભંડોળ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવ્યું છે. આ રકમ અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર સહિત નવરચિત મહાનગરપાલિકાઓ મોરબી, પોરબંદર, અને નડિયાદને તથા ૧૨ નગરપાલિકાઓને મળશે, જેનાથી નાગરિકોના જીવનધોરણમાં સુધારો થશે.

આ ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે માળખાકીય સુવિધાઓના વિકાસ, આઈકોનિક રોડ્સ, પાણી પુરવઠા, સ્ટોર્મ વોટર ડ્રેનેજ અને આઉટગ્રોથ વિસ્તારોના વિકાસ માટે કરવામાં આવશે. આ નિર્ણયનો હેતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નાગરિક કેન્દ્રિત શહેરોના નિર્માણના વિઝનને આગળ ધપાવવાનો છે, જેનાથી શહેરી જીવન વધુ સુવિધાજનક અને સુખદ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ.૪૧૭૯ કરોડ ના કામોને મંજૂરી આપી છે, જે વિવિધ કેટેગરીમાં વહેંચાયેલા છે:

માળખાકીય સુવિધાઓ: માળખાકીય વિકાસ માટે સૌથી વધુ રૂ.૩૭૬૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ અંતર્ગત અમદાવાદને રૂ.૨૯૪૦ કરોડ, વડોદરાને રૂ.૪૫૫ કરોડ અને રાજકોટને રૂ.૩૬૭ કરોડ મળશે.

### માળખાકીય વિકાસ માટે સૌથી વધુ રૂ.૩૭૬૮ કરોડ ફાળવવામાં આવ્યા



આઇકોનિક રોડ અને ગૌરવ પથ: શહેરોને આધુનિક લુક આપવા માટે આઇકોનિક રોડ્સ અને ગૌરવ પથના નિર્માણ માટે કુલ રૂ.૨૧૯ કરોડ મંજૂર થયા છે. મોરબી, નડિયાદ, રાજકોટ મહાનગરપાલિકાઓ અને ઉના, હળવદ, ખંભાળિયા જેવી નગરપાલિકાઓને આ ભંડોળનો લાભ મળશે.પાણી પુરવઠો અને ડ્રેનેજ: પાણી પુરવઠાની લાઈનો અને વરસાદી પાણીના નિકાલ માટેના સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ માટે રૂ.૯૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ રકમનો મોટો હિસ્સો મોરબી, સાવરકુંડલા અને ધાનેરાને મળશે.



### શહેરોની બહારના વિસ્તારોના વિકાસ માટે રાજકોટને રૂ.૮૦ કરોડ અને પાટણને રૂ.૨.૭૨ કરોડ ફાળવવામાં આવ્યા

આઉટગ્રોથ વિસ્તારોનો વિકાસ: શહેરોની બહારના વિસ્તારોના વિકાસ માટે રાજકોટને રૂ.૮૦ કરોડ અને પાટણને રૂ.૨.૭૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.આ યોજનાનો લાભ રાજ્યની ૭ મહાનગરપાલિકાઓને મળશે, જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને નવરચિત મહાનગરપાલિકાઓ મોરબી, પોરબંદર અને નડિયાદનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિસનગર, બોરસદ, વિરમગામ, પાટણ, આમોદ, ઉના, હળવદ, ખંભાળિયા, સાવરકુંડલા, ધાનેરા અને વેરાવળ-પાટણ જેવી ૧૨ નગરપાલિકાઓને પણ વિકાસ કામો માટે ભંડોળ મળશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ઉદ્દેશ્ય નાગરિક કેન્દ્રિત શહેરોનું નિર્માણ કરવાનો છે. આ ભંડોળનો હેતુ નાગરિકોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો, પરિવહન વ્યવસ્થા સુધારવાનો અને શહેરી જીવનને વધુ સુખદ બનાવવાનો છે.

### વરસાદી પાણીના નિકાલ માટેના સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ માટે રૂ.૯૩ કરોડ ફાળવવામાં આવ્યા



અર્નિંગ વેલ-લિવિંગ વેલ ના મંત્રને સાકાર કરીને સ્માર્ટ, સસ્ટેઇનેબલ અને ગતિશીલ શહેરો બનાવવા માટે આ નિર્ણય એક મહત્વનું પગલું છે. દહેગામમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજાયેલી ચૂંટણીસભામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલ તેમજ વિવિધ નેતાઓ, કાર્યકરો અને ગાંધીનગર જિલ્લા ભાજપના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીના આગમનને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યા છે.આજે તેમાં વધારો કરાયો છે અને તે વધીને રૂ. ૩૩૦૦૦ કરોડ રૂપિયાએ પહોંચાડાયું છે. આમાં જ ગુજરાતની પ્રગતિ છે.પાણી પુરવઠો અને ડ્રેનેજ: પાણી પુરવઠાની લાઈનો અને વરસાદી પાણીના નિકાલ માટેના સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ માટે રૂ.૯૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ રકમનો મોટો હિસ્સો મોરબી, સાવરકુંડલા અને ધાનેરાને મળશે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં ભાજપ નેતા પર પારિવારિક મિલકત પડાવી લેવાનો ભાભીએ આક્ષેપ કર્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ ।

રાજકોટ શહેરના જાણીતા અને જસદણ ભાજપના પ્રભારી દિનેશ અમૃતિયા વિરુદ્ધ તેમના જ કુટુંબના સભ્યો દ્વારા મિલકત પડાવવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મુદ્દો પરિવારિક હોવા છતાં રાજકીય અસરના કારણે વધુ ચર્ચાસ્પદ બન્યો છે.દિનેશ અમૃતિયા સામે આક્ષેપ તેમની ભાભી તથા ભત્રીજીએ લગાવ્યા છે. તેઓના કહેવા મુજબ, દિનેશભાઈએ તેમના ભાઈના મૃત્યુ બાદ પરિવારિક મિલકત ઉપર ગેરકાયદેસર રીતે કબજો જમાવવાનો પ્રયાસ કર્યો છે. મહત્વપૂર્ણ છે કે દિનેશ અમૃતિયાના ભાઈનું લગભગ ૧૧ મહિના પહેલા નિધન થયું હતું.મૃતક ભાઈની દીકરી, જે હાલમાં મુંબઈમાં રહે છે, તેણે સોશિયલ મીડિયામાં વિડીયો દ્વારા ન્યાયની માંગ કરી છે. તેણે જણાવ્યું કે, મારા પપ્પાની મિલકત ઉપર અમારા સગા મોટા બાપા દિનેશ અમૃતિયા કબજો જમાવી રહ્યાં છે. તેમજ મોટા બાપા અને ભાઈ રાજકીય વગ ધરાવતા હોય પોલીસ ફરિયાદ ન લેતી હોવાના આક્ષેપ પણ કર્યા હતા.ભાજપના પ્રભારી હોવાના કારણે દિનેશ અમૃતિયા વિરુદ્ધના આક્ષેપોને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. હાલમાં પક્ષ તરફથી કોઈ સ્પષ્ટ નિવેદન આવ્યું નથી.

**૧૪.૦૯ લાખનો મુદ્દામાલ કબજે**

# દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે ૩૦૩ કિલો અફીણના પોષડોડા ભરેલી કાર પકડાઇ

## આ ઘટના મામલે પોલીસે એનડીપીએસ મુજબ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી

। પ્રતિનિધિ, દાહોદ, તા.૪ ।

ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામે મધ્ય રાત્રે પોલીસે એક કારનો પીછો કરતાં ચાલક તે બિનવારસી છોડીને ભાગી છુટ્યો હતો. આ કારની ડેકીમાંથી ૯ લાખથી વધુની કિંમતના ૩૦૩ કિલોથી વધુ અફીણના પોષડોડા મળી આવતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આ ઘટના મામલે પોલીસે એનડીપીએસ મુજબ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે. પેટ્રોલિંગમાં નીકળેલી ચાકલિયા પોલીસે ગુલતોરા ગામમાં જીજે-૨૩-બીએચ-૨૭૯૪ નંબરની ક્રેટા




કારને શંકાના આધારે રોકવાનો સંકેત કર્યો હતો.

કાર ચાલક આગળ ધપાવી જઈને તેમાંથી ફરાર થઇ ગયો હતો. પરોઢના ૪.૩૫ વાગ્યાના અરસામાં ચાકલિયાથી દાહોદ રોડ ઉપર પાડવા ફળિયામાં આ કાર બિનવારસી મળતાં તપાસ કરવામાં આવી હતી. ત્યારે આ કારની ડેકીમાં મુકી રાખેલા ૧૭ થેલાઓમાંથી અફીણના ૩૦૩ કિલોથી વધુ વજનના પોષડોડા જેને જિંડવા પણ કહેવાય છે, ભરેલા હોવાનો ખુલાસો થયો હતો.

આ પોષડોડાની કિંમત ૯,૦૯,૧૨૦ રૂપિયા આંકવામાં આવી છે. આ તમામ થેલાઓ અને ક્રેટા કાર મળી કુલ રૂ. ૧૪,૦૯,૧૨૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. કારની ડીકીમાંથી એક્સપ્રેસ બીસ પાર્સલ સ્લીપ પણ મળી આવી હતી. આ સાથે કારની આગળના ભાગે ખાલી સાઇડની શીટ નીચેથી અલગ-અલગ નંબરો લખેલા વાહનોનો રજિસ્ટ્રેશન વાળી ચાર નંબર પ્લેટ પણ મળી આવી હતી. આ કારનો નંબર સાચો છે કે નહીં તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરીને ફરાર થઇ ગયેલા અજાણ્યા ચાલક વિરૂદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**દીપડાનો ત્રાસથી એક મોત**

### ઉનાના ભાચા ગામે દીપડાના હુમલાથી બે વર્ષીય બાળકનું કરુણ મોત



। પ્રતિનિધિ, ઉના,તા.૪ ।

ઉના તાલુકાના ભાચા ગામે ખોડિયાર મંદિર પાસે રહેતા દેવીપૂજક સમાજની વસાહતમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં બે વર્ષીય બાળક રાજવીર ભુપત સોલંકી દીપડાના હુમલાનો શિકાર બન્યું છે. આ ઘટના ગત રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ બની, જ્યારે દીપડો ઝૂંપડામાં સૂતેલા બાળકને તેના માતા-પિતા પાસેથી ખેંચીને જંગલ તરફ લઈ ગયો. બાળકને ગંભીર ઈજાઓ થવાને કારણે તેનું દર્દનાક મોત નીપજ્યું.ભાચા ગામે ખોડિયાર મંદિરની નજીક આવેલી દેવીપૂજક સમાજની વસાહતમાં છેલ્લા ૩૫ વર્ષથી લોકો ઝૂંપડામાં રહે છે. રાજવીર તેના માતા-પિતા સાથે ઝૂંપડામાં સૂતો હતો, ત્યારે મધ્યરાત્રિએ દીપડાએ અચાનક હુમલો કર્યો. દીપડો બાળકને ખેંચીને લગભગ ૫૦૦ મીટર દૂર આંબાના બાગમાં લઈ ગયો.

**કિર્તી પટેલની દોઢ મહિના પહેલા સુરતમાં ધરપકડ કરવામાં આવી હતી**

**કીર્તિ પટેલે કોર્ટની બહાર આવતા જ દુપટ્ટો હટાવી વીડિયો બનાવનારને કહ્યું-'લઈલે બરાબર મસ્ત હો**

# બે કેસમાં જેલમાં ગયા બાદ આરામથી જામીન મળી જતા કીર્તિ પટેલ બહાર આવી

। પ્રતિનિધિ, સુરત,તા.૪ ।

સોશિયલ મીડિયા સ્ટાર કિર્તી પટેલની દોઢ મહિના પહેલા સુરતમાં ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ ક્રિતી પટેલ કોઈને કોઈ રીતે ચર્ચામાં રહી છે. જેમાં તે ધરપકડના બીજા જ દિવસે પોલીસની સામે નફફટાઈથી હસવાના કારણે ચર્ચાનું કેન્દ્ર બની હતી. ત્યારબાદ કોર્ટમાંથી તેને જેલમાં ખસેડવામાં આવી ત્યારે પણ તે બિન્દાસ થઈને જતી હોય તેવો વીડિયો પણ સામે આવ્યો હતો. ત્યારે હવે ફરી એકવાર કોર્ટમાંથી જેલમાં જતા સમયનો વધુ એક વિડિયો સામે આવ્યો છે.જેમાં કેમેરાને જોતા જ રંગમાં આવી ગઈ અને ચહેરા પર બાંધેલા દુપટ્ટાને હટાવીને ત્યાં હાજર વીડિયો બનાવનારને કહ્યું-'લઈ લે બરાબર મસ્ત હોપ'ઉલ્લેખનીય છે કે, જ્યારે ૧૮ જુલાઈના રોજ કીર્તિ પટેલની ધરપકડ કરીને પોલીસ લઈને આવતી હતી ત્યારે પણ તે નફફટ થઈ હસતી હતી અને ધરપકડ બાદ પણ તેના તેવર ઓછા ન થયા હોય એવું લાગી રહ્યું હતું. આ સાથે જ વીડિયો ટકાટક બનાવજો અને આખા ગુજરાતમાં ફેલાવજો એવું પણ તે પોલીસની ગાડીમાં બેસતાં



બેસતાં બોલી રહી હતી અને સતત હસતી રહી હતી.સુરતના કાપોદ્રામાં રહેતા ૬૫ વર્ષીય બિલ્ડરના ઉમરા-વેલંજાના પ્રોજેક્ટમાં વિજય મનજી સવાણીએ ૨૦૧૫-૧૬માં એક મકાન બુક કરાવ્યું હતું અને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે બાદમાં તે કેન્સલ કરી સાત લાખની માંગણી કરી હતી. કોરોનાને કારણે નાણાં નહિ આપી શકેલા આ બિલ્ડરની સોશિયલ મીડિયામાં બદનામી કરી ૩૦ લાખની ખંડણી માંગતાં તેમણે વિજય વિરુદ્ધ કામરેજ, સરથાણામાં બે ગુના નોંધાવી કોર્ટમાં દાવો પણ કર્યો હતો.

**શ્રાવણ માસના બીજા સોમવારે**

# અમદાવાદ શહેર સહિત ગુજરાતભરના શિવાલયોમાં ભક્તોની અપાર ભીડ જોવા મળી

**શહેરના અનેક શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું । 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદ સાથે શિવભક્તો ભક્તિરસમાં ડૂબેલા દેખાયા**



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

શ્રાવણ માસના બીજા સોમવારે અમદાવાદ સહિત ગુજરાતભરના શિવાલયોમાં ભક્તોની અપાર ભીડ જોવા મળી. શહેરના અનેક શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદ સાથે શિવભક્તો ભક્તિરસમાં ડૂબેલા દેખાયા. દેવાધિદેવ મહાદેવની આરાધના માટે ભક્તોએ બિલીપત્ર, ફૂલો, ફળો અને દૂધ-જળથી અભિષેક કરી શિવજીને અર્પણ કર્યા હતાં શહેરના નિર્ણયનગર વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ રામેશ્વર મહાદેવ મંદિરમાં આજે ભક્તોનો ખાસ ધસારો જોવા મળ્યો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. રામેશ્વર મહાદેવનો આજે વિશેષ શણગાર કરવામાં આવ્યો, જેમાં ફૂલોની માળા, ચંદન અને વિવિધ શણગારોથી શિવલિંગને સજાવવામાં આવ્યું હતું. આ દિવ્ય શણગારે ભક્તોના મનમાં ભક્તિનો ઉમંગ વધાર્યો હતો શ્રાવણ મહિનાના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરવા માટે શિવ ભક્તોનો ઘોડાપૂર ઉમટ્યું છે. વહેલી સવારથી જ ભોળાનાથના દર્શન કરવા માટે ભક્તોનો મહાસાગર સતત સોમનાથ તરફ આવતો જોવા મળ્યો ભક્તો રવિવારની મોડી રાતથી જ સોમનાથ દાદાના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતાં સોમનાથનું આખું પરિસર 'હર હર મહાદેવ'ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું સોમનાથ ટ્રસ્ટ દ્વારા માઈક્રો પ્લાનિંગ કરી યાત્રીઓને આદર પૂર્ણ દર્શનનો અનુભવ મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. પ્રતિ વર્ષ શ્રાવણ માસમાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને પધારતા હોય છે.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## છાયાપૂરી રેલ્વે સ્ટેશનના કર્મચારીઓ પાસે પાર્કિંગ ચાર્જ વસૂલાતા રોષ

। પ્રતિનિધિ, બરોડા, તા.૩ ।

છાયાપૂરી રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે વિભાગ દ્વારા પાર્કિંગનો કોન્ટ્રાક્ટ ખાનગી કંપનીને સોંપાતા રેલ કર્મચારીઓને પાર્કિંગ ચાર્જ ચૂકવવાની નોબત આવતા રેલ કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.રેલ્વે વિભાગ દ્વારા છાયાપૂરી રેલ્વે સ્ટેશનની કાયાપ લટ સાથે યાત્રીઓની સુવિધામાં વધારો કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે રેલ્વે વિભાગ દ્વારા છ મહિના અગાઉ પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ ફાળવી દેવાયો છે. જેથી રેલ કર્મચારીઓ માટે પાર્કિંગની સુવિધા ન હોવાથી તેઓ પે એન્ડ પાર્કમાં વાહનો પાર્ક કરી ચાર્જ ચૂકવવા મજબૂર બન્યા છે. આ અંગે વિવિધ વિભાગોના લગભગ ૪૦ જેટલા રેલ કર્મચારીઓમાં છુપો રોષ છે.

## વાપીમાં દમણથી આવતો રૂ. ૧૧.૮૯ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

। પ્રતિનિધિ, વાપી, તા.૪ ।

વાપીના બલીઠા ચેક પોસ્ટ પર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવેલી એક મોટી કાર્યવાહીમાં દમણથી ગેરકાયદેસર રીતે લવાતા દારૂના માતબર જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ટેમ્પોમાંથી રૂ. ૧૧.૮૯ લાખની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે. આ ઘટના ગુજરાતના પ્રોહિબિશન કાયદાના ઉલ્લંઘનનો એક મોટો કેસ માનવામાં આવી રહ્યો છે.જિલ્લા એલસીબીની ટીમે ગુપ્ત માહિતીના આધારે બલીઠા ચેક પોસ્ટ પર નાકાબંધી કરી હતી. આ દરમિયાન એક ટેમ્પો શંકાસ્પદ સ્થિતિમાં જોવા મળ્યો. પોલીસે ટેમ્પોની તપાસ કરતાં તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂની બોટલો મળી આવી. જપ્ત કરાયેલા દારૂની કુલ કિંમત આશરે રૂ. ૧૧.૮૯ લાખ છે.આ કાર્યવાહીમાં ટેમ્પો ચાલક સહિત બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

### વાઘબકરી હાઉસની લીગલ ટીમે ઓઢવ પોલીસને સાથે રાખી દરોડા પાડ્યા

# ઓઢવમાં વાઘબકરી ચાના ૧૧૭૫ બનાવટી પેકેટ સાથે બેની ધરપકડ

### આ મામલે ઓઢવ પોલીસે ત્રણ આરોપી સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી

। પ્રતિનિધિ, અમદાવાદ , તા.૪ ।

ઓઢવ છોટાલાલની ચાલી પાસે કરિયાણાની દુકાનમાં વાઘબકરી ચાના ડુપ્લિકેટ લોગો અને માર્કા લગાવીને વેચવામાં આવી રહ્યા હતા. વાઘબકરી હાઉસની લીગલ ટીમે ઓઢવ પોલીસને સાથે રાખીને દુકાનમાં ચેકિંગ કરતા ડુપ્લિકેટ વાઘબકરી ચાના નાના મોટા થઈને કુલ ૧૧૭૫ પેકેટ મળી આવ્યા હતા. આ મામલે ઓઢવ પોલીસે ત્રણ આરોપી સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી છે.કૃષ્ણનગરમાં રહેતા જૈનમભાઈ શાહ (૩૨) પરિમલ ગાર્ડન પાસે વાઘબકરી હાઉસમાં લીગલ મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની કંપની તરફથી વાઘબકરી ચાના લોગોવાળા પેકેટ વેચતા વેપારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ગત રોજ જૈનમભાઈ અને બે કર્મીઓ કંપનીના કામથી ઓઢવ વિસ્તારમાં ફરતા હતા. ત્યારે ઓઢવ છોટાલાલની ચાલી પાસે અંબિકા ટ્રેડર્સ નામની દુકાનો વેપારી ડુપ્લિકેટ લોગો વાળી વાઘબકરી ચાનું વેચાણ કરતો હતો. આ મામલે કંપનીએ ઓઢવ પોલીસને સાથે રાખીને દરોડા પાડવામાં આવતા દુકાનના માલિક જયપ્રકાશ સુથાર, મહેશભાઈ દવેને ઝડપી પાડ્યા હતા. દુકાનમાં વધુ તપાસ કરતા ત્રણ પ્લાસ્ટિકના થેલામાંથી કુલ ૧૧૭૫ વાઘબકરી ચાના ડુપ્લિકેટ લોગો અને માર્કા વાળા પેકેટ મળી આવ્યા હતા. આ મામલે ઓઢવ




પોલીસે ત્રણ આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને બેની ધરપકડ કરી છે. ઓઢવ છોટાલાલની ચાલી પાસે કરિયાણાની દુકાનમાં વાઘબકરી ચાના ડુપ્લિકેટ લોગો અને માર્કા લગાવીને વેચવામાં આવી રહ્યા હતા. વાઘબકરી હાઉસની લીગલ ટીમે ઓઢવ પોલીસને સાથે રાખીને દુકાનમાં ચેકિંગ કરતા ડુપ્લિકેટ વાઘબકરી ચાના નાના મોટા થઈને કુલ ૧૧૭૫ પેકેટ મળી આવ્યા હતા. આ મામલે ઓઢવ પોલીસે ત્રણ આરોપી સામે ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી છે.કૃષ્ણનગરમાં રહેતા જૈનમભાઈ શાહ (૩૨) પરિમલ ગાર્ડન પાસે વાઘબકરી હાઉસમાં લીગલ મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની કંપની તરફથી વાઘબકરી ચાના લોગોવાળા પેકેટ વેચતા વેપારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ગત રોજ જૈનમભાઈ અને બે કર્મીઓ કંપનીના કામથી ઓઢવ વિસ્તારમાં ફરતા હતા. ત્યારે ઓઢવ છોટાલાલની ચાલી પાસે અંબિકા ટ્રેડર્સ નામની દુકાનો વેપારી ડુપ્લિકેટ લોગો વાળી વાઘબકરી ચાનું વેચાણ કરતો હતો.

## અમદાવાદ ગ્રામ્ય ડીઇઓનો ચાર્જ ગાંધીનગરને સોંપાતાં તર્કવિતર્ક

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

ગુજરાતના શિક્ષણ વિભાગમાં વહીવટી ફેરફારોનો દોર યથાવત રહ્યો છે. તાજેતરમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીનો ચાર્જ ગાંધીનગર ડીઈઓને સોંપવામાં આવ્યો છે, જેના કારણે શિક્ષણ વિભાગમાં નવેસરથી ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે માત્ર એક અઠવાડિયાના ગાળામાં ત્રીજા ડીઈઓની બદલી કરવામાં આવી હોય, જેના કારણે વહીવટી વર્તુળોમાં અનેક તર્કવિતર્ક શરૂ થયા છે.અગાઉ અમદાવાદ ગ્રામ્યનો ચાર્જ અમદાવાદ શહેરના ડીઈઓ પાસે હતો. થોડા સમય પહેલાં જ અમદાવાદ ગ્રામ્ય ડીઈઓની બદલી કરવામાં આવી હતી, અને હવે ફરીથી ચાર્જમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આવા વારંવાર બદલાતા નિર્ણયોને લઈને શિક્ષણ વિભાગની કાર્યપદ્ધતિ પર સવાલો ઉઠી રહ્યા છે.આ ફેરફારો પાછળ રાજકીય દબાણ અને વહીવટી અસ્થિરતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.શિક્ષણ વિભાગના કેટલાક માનીતા અધિકારીઓની ગોઠવણનો દોર ચાલી રહ્યો હોવાની ચર્ચાઓ પણ ગરમાઈ રહી છે. કેટલાક સંચાલકો અને બોર્ડના સભ્યોના દબાણને કારણે આવા નિર્ણયો લેવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ છે. ગુજરાતના શિક્ષણ વિભાગમાં વહીવટી ફેરફારોનો દોર યથાવત રહ્યો છે. તાજેતરમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીનો ચાર્જ ગાંધીનગર ડીઈઓને સોંપવામાં આવ્યો છે.

### ડુપ્લિકેટ ચાવીથી વાહનો ચોરી ફેરવતા

# મોજશોખ માટે વાહન ચોરી કરતા બે સગીર પકડાયા । ૧૦ એક્ટિવા મળ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

પોશ વિસ્તારોમાંથી વાહનચોરી કરતા બે સગીરોને વસ્ત્રાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. સગીરો પાસેથી પોલીસે ૧૦ એક્ટિવા કબ્જે કર્યા હતા. પોલીસે તપાસ કરી ત્યારે આ સગીરો મોજશોખ માટે વાહનોની ચોરી કરતા હતા. ડુપ્લિકેટ ચાવીથી વાહનો ચોરી કરી ફેરવતા હતા અને પેટ્રોલ પૂરું થયા બાદ બિનવારસી મૂકીને નાસી જતા હોવાનું ખૂલ્યું છે. સગીરોએ સેટેલાઈટ, બોડકદેવ અને વસ્ત્રાપુરમાંથી ૧૦ એક્ટિવા ચોરી કર્યા હતા. વસ્ત્રાપુરના પી.આઈ. અને ડીસ્ટાફ પીએસઆઈની ટીમે વાહન ચોરી કરતા બે સગીરોને ઝડપી પાડ્યા છે. પોલીસે આ તમામ લોકો પાસેથી ૧૦ એક્ટિવા કબ્જે કર્યા છે. સગીરોએ એક દોઢ મહિનાથી પોશ




વિસ્તારોમાં વાહનો ચોરી કરીને આતંક મચાવ્યો હતો. આ સગીરો મોડીરાત્રે ફરીને મોજશોખ પૂરા કરવા માટે વાહનચોરી કરતા હતા.

સગીરો વાહનોની ચોરી કરીને રોજ અલગ અલગ વાહનો લઈને ફરતા હતા અને રોલો પાડતા હતા. ડુપ્લિકેટ ચાવથી એક્ટિવા ચોરી કરીને જ્યારે પેટ્રોલ પૂરું થાય ત્યારે ત્યાં જ બિનવારસી મૂકીને નાસી જતા હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

પોલીસે સગીરો પાસેથી ૧૦ એક્ટિવા કબ્જે કર્યા છે. સગીરોએ આ એક્ટિવા બોડકદેવ, વસ્ત્રાપ ુર અને સેટેલાઇટમાંથી ચોરી કર્યા હોવાનું તપાસમાં ખૂલ્યુ છે. આમ, વસ્ત્રાપુર, સેટેલાઈટ અને બોડકદેવ પોલીસ સ્ટેશનના કુલ પાંચ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે. પોશ વિસ્તારોમાંથી વાહનચોરી કરતા બે સગીરોને વસ્ત્રાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. સગીરો પાસેથી પોલીસે ૧૦ એક્ટિવા કબ્જે કર્યા હતા. પોલીસે તપાસ કરી ત્યારે આ સગીરો મોજશોખ માટે વાહનોની ચોરી કરતા હતા. ડુપ્લિકેટ ચાવીથી વાહનો ચોરી કરી ફેરવતા હતા અને પેટ્રોલ પૂરું થયા બાદ બિનવારસી મૂકીને નાસી જતા હોવાનું ખૂલ્યું છે. સગીરોએ સેટેલાઇટ, બોડકદેવ અને વસ્ત્રાપુરમાંથી ૧૦ એક્ટિવા ચોરી કર્યા હતા. વસ્ત્રાપુરના પી.આઈ. અને ડીસ્ટાફ પીએસઆઈની ટીમે વાહન ચોરી કરતા બે સગીરોને ઝડપી પાડ્યા છે.

## વિસાવદર તાલુકાના ત્રણ ગામની રાશન શોપનાં લાયસન્સ સસ્પેન્ડ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૪ ।

વિસાવદર તાલુકામાં સસ્તા અનાજનો જથ્થો કાર્ડધારકોને આપવામાં આવ્યો ન હોવાના ધારાસભ્યના આક્ષેપ બાદ પુરવઠા તંત્રની ટીમે તપાસ કરી હતી. જેમાં મોટી પીંડાખાઈના સસ્તા અનાજના વેપારી પાસે કાંકચીયાળા અને માંગનાથ પીપળીના વેપારીનો ચાર્જ હતો. આ ત્રણેય દુકાનમાં સસ્તા અનાજનો જથ્થો ઓછો હોવાનું સામે આવ્યું હતું. આથી આ ત્રણેય દુકાનના લાયસન્સ હાલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પુરવઠા વિભાગ દ્વારા નિવેદન લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. આગામી સમયમાં આ મામલે વધુ કાર્યવાહી થશે.વિસાવદર તાલુકાના બે માસનો સસ્તા અનાજનો જથ્થો વેપારીઓને આપવામાં આવ્યો હતો પરંતુ અમુક ગામડાઓમાં એક માસનો જ સસ્તા અનાજનો જથ્થો આપવામાં આવ્યો હતો તે પણ ઓછો આપ્યો હોવાના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આક્ષેપ કર્યો હતો અને પોલીસ સ્ટેશન ખાતે લોકોને સાથે રાખી ધરણા કર્યા હતા. બાદમાં પોલીસે કાર્યવાહી કરવાની ખાતરી આપતા આ મામલો થાળે પડયો હતો. ધારાસભ્યના આક્ષેપ બાદ પુરવઠા વિભાગની છ ટીમો દ્વારા વિસાવદર તાલુકાના ગામડાઓમાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી.

## અમદાવાદના જુહાપુરામાં ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું, ૨૦ વર્ષીય યુવકની હત્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે પાડોશીના ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં ૨૦ વર્ષના યુવકની ચપ્પાના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતક સુફિયાનને આર્યન આરીફ ખલીફા અને અન્ય ચાર અજાણ્યા લોકોએ ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા. આ પાંચેય આરોપીઓ હાલ ફરાર છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ સુફિયાનના ઘર પાસે પાન મસાલા થૂંકતા સુફિયાનના પિતા સાથે તેમની બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી એટલી હદે વધી ગઈ કે આરોપીઓએ સુફિયાનના પિતા પર હુમલો કરવાનું શરૂ કરી દીધું. પોતાના પિતાને બચાવવા માટે સુફિયાન વચ્ચે પડ્યો ત્યારે આરોપીઓએ તેના પર ચપ્પા વડે અનેક વાર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઘાયલ સુફિયાનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર તેનું મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે સુફિયાનના પિતાને પણ આ ઝપાઝપીમાં ઈજા થઈ હતી. આસપાસના પાડોશીઓ અને ત્યાંથી પસાર થતા લોકોએ ઈજાગ્રસ્ત પિતા-પુત્રને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા, જ્યાં ડોક્ટરોએ સુફિયાનને મૃત જાહેર કર્યો. સુફિયાનના પિતા હાલ સારવાર હેઠળ છે અને તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.




ઓપરેશનને સરળ બનાવવા માટે બ્રિજની બહાર એક ટેન્ટ તૈયાર કરવામાં આવ્યો

# બલૂન ટેક્નોલોજીથી ગંભીરા બ્રિજ પર લટકતી ટેન્કરને ઉતારવાની કામગીરી તેજ । સિંગાપોરની ટીમ પણ જોડાઈ

પડકારજનક ઓપરેશન માટે સ્થાનિક તંત્ર સાથે સિંગાપોરથી ખાસ ત્રણ એન્જિનિયર અને મરીન ઈમરજન્સી ટીમને પણ બોલાવવામાં આવી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।




વડોદરા જિલ્લાના પાદરા પાસે આવેલા ગંભીરા બ્રિજ પર લટકતી ટેન્કરને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે. આ પડકારજનક ઓપરેશન માટે સ્થાનિક તંત્ર સાથે સિંગાપોરથી ખાસ ત્રણ એન્જિનિયર અને મરીન ઈમરજન્સી ટીમને પણ બોલાવવામાં આવી છે, જેઓ સ્થળ પર હાજર છે.આ ટેન્કરને બ્રિજ પરથી બહાર કાઢવા માટે અત્યાધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્રથમ તબક્કામાં, એક મોટો બલૂન ટેન્કરની નજીક લાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઓપરેશનને સરળ બનાવવા માટે બ્રિજની બહાર એક ટેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તમામ સુરક્ષા સાધનો અને ટેકનિકલ ઉપકરણો ટેન્કર પાસે પહોંચાડવામાં આવ્યા છે. ટેન્કરની પાછળ લાંબા દોરડા અને જરૂર પડે તો ઉપયોગ કરી શકાય તેવા હવા વગરના સ્પેર બલૂન પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

આ કામગીરી ખૂબ જ જોખમી હોવાથી તંત્ર દ્વારા દરેક પગલું સાવધાનીપૂર્વક ભરવામાં આવી રહ્યું છે. હાલ, આ ટેન્કરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે તમામ ટીમો સાથે મળીને કામ કરી રહી છે અને આશા રાખવામાં આવે છે કે ટૂંક સમયમાં આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થશે.

જર્જરિત બ્રિજ પર લટકતી ટેન્કરને બહાર કાઢવા માટે બલૂન ટૅક્નોલૉજીનો ઉપયોગ એક નવીન અને સુરક્ષિત પદ્ધતિ છે. આ કામગીરી સામાન્ય રીતે નીચે મુજબના તબક્કામાં હાથ ધરવામાં આવે છે:

સૌ પ્રથમ, નિષ્ણાતોની ટીમ ટેન્કરની ચોક્કસ સ્થિતિ, તેનું વજન, ક્યાં ફસાઈ છે, અને બ્રિજની આસપાસની જગ્યાનું બારીકાઈથી નિરીક્ષણ કરે છે. આ મૂલ્યાંકનથી ઓપરેશનની યોજના ઘડવામાં મદદ મળે છે.જ્યારે ટેન્કર બ્રિજની ધાર પર લટકતી હોય ત્યારે તેને ઊંચી કરવા માટે ખાસ પ્રકારના ફ્લેક્સિબલ, હાઈ-પ્રેશર એરબેગ્સ(બલૂન્સ)નો ઉપયોગ થાય છે. આ બલૂન્સને ટેન્કરના નીચેના ભાગમાં, ખાસ કરીને જ્યાં તે ફસાઈ હોય ત્યાં, કાળજીપૂર્વક મૂકવામાં આવે છે.એકવાર બલૂન્સ યોગ્ય રીતે ગોઠવાઈ જાય, પછી તેમને ધીમે ધીમે અને નિયંત્રિત રીતે હવા ભરીને ફૂલાવવામાં આવે છે. આ પ્રક્રિયાથી ટેન્કરનો લટકતો ભાગ ધીમે ધીમે ઊંચો થાય છે. આ કામગીરી માટે ખાસ પ્રકારની બલૂન ટ્રક અને અન્ય સાધનોનો ઉપયોગ થાય છે.જેમ જેમ ટેન્કર ઊંચી થાય, તેમ તેને સ્થિર રાખવા માટે લાંબા દોરડા અને ગિયર્સનો ઉપયોગ થાય છે. આ દોરડાઓ ટેન્કરને પાછળની તરફ ખેંચીને તેને સંપૂર્ણપણે સ્થિર રાખવામાં મદદ કરે છે.

એકવાર ટેન્કર સુરક્ષિત અને સ્થિર થઈ જાય, પછી તેને બ્રિજ પરથી ધીમે ધીમે બહાર કાઢવામાં આવે છે. આ માટે ખાસ કરીને રિકવરી વાહનનો ઉપયોગ થઈ શકે છે.

---

શાળાના ઓરડાઓ ખૂબ જ જૂના અને જર્જરિત હાલતમાં છે, અને ચાલુ વરસાદમાં છાપરાઓમાંથી પાણી ટપકે

# અમરેલીની એક શાળાને તાળાબંધી કરી વાલીઓ બાળકોને લઈ ગયા । સ્કૂલ ખંડેર બની હોવાનો આક્ષેપ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૪ ।

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામની પ્રાથમિક શાળાની જર્જરિત હાલતથી પરેશાન વાલીઓએ શાળાને તાળાબંધી કરી હતી. વાલીઓનો આરોપ છે કે, શાળાના ઓરડાઓ ખૂબ જ જૂના અને જર્જરિત હાલતમાં છે, અને ચાલુ વરસાદમાં છાપરાઓમાંથી પાણી ટપકે છે. આ પરિસ્થિતિમાં બાળકોને ભણવા મોકલવા જોખમી હોવાથી વાલીઓએ પોતાના બાળકોને ઘરે પરત લઈ જઈને શાળાને તાળું માર્યુ હતું.અમરેલી જિલ્લાની ઢૂંઢિયા પીપળીયા ગામની પ્રાથમિક શાળામાં જર્જરિત ઓરડાઓ અને શૈક્ષણિક સ્તર નીચું હોવાને કારણે વાલીઓએ રોષ વ્યક્ત કર્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા આજે વાલીઓએ શાળાને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો હતો.વાલીઓએ જણાવ્યું કે, થોડા સમય પહેલા રાજસ્થાનના એક ગામની શાળામાં આવી જ પરિસ્થિતિના કારણે દુર્ઘટના બની હતી. આવી કોઈ ઘટના તેમના ગામમાં ન બને તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે. જર્જરિત ઓરડાઓમાં શાળાનો કિંમતી સામાન પણ વરસાદમાં પલળી રહ્યો છે અને ધૂળધાણી થઈ રહ્યો છે.વાલીઓનો રોષ માત્ર જર્જરિત શાળા પૂરતો સીમિત નથી, પરંતુ તેઓનો એવો પણ આરોપ છે કે, બાળકોને અભ્યાસમાં કોઈ આવડત મળતી નથી.

---

## છોટાઉદેપુરમાં રખડતા શ્વાનનો આતંક : ઘરની બહાર રમી રહેલા 3 વર્ષના બાળકને ફાડી ખાતા કરુણ મોત

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૪ ।

છોટાઉદેપુર જિલ્લામાં રખડતા શ્વાનનો આતંક યથાવત છે. બોડેલી તાલુકાના ધનપુર ખોસ વસાહતમાં શ્વાનના હુમલામાં ત્રણ વર્ષના બાળકનું કરૂણ મોત નિપજ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક અને ભયનો માહોલ ફેલાયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પાવીજેતપુરના રતનપુરમાં રહેતા ઉષાબેન તેમના ત્રણ વર્ષના બાળક સાથે બોડેલીના ધનપુર ખોસ વસાહતમાં આવેલા તેમના પિયરમાં આવ્યા હતા. રવિવારે સાંજે બાળક ઘરની બહાર રમી રહ્યું હતું, ત્યારે અચાનક એક રખડતા શ્વાને તેના પર હુમલો કર્યો. શ્વાન બાળકને ગળાના ભાગેથી ઢસડીને ઘરની બહાર લઈ ગયું હતું અને તેને નર્મદાની કેનાલ સુધી પહોંચાડી દીધું હતું. પરિવારજનો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક શોધખોળ હાથ ધરી હતી, પરંતુ બાળકનો મૃતદેહ કેનાલ પાસેથી મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ગામના સરપંચે નગરપાલિકાને જાણ કરી હતી અને રખડતા શ્વાનોના ત્રાસ અંગે રજૂઆત કરી હતી. પોલીસને પણ આ ઘટનાની જાણ કરવામાં આવી હતી, અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.

---

## વડોદરામાં પાર્કિંગ મુદ્દે મામલો બીચક્યો, ચપ્પુના ઘા મારી યુવકની હત્યા, આરોપી ફરાર

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

વડોદરામાં ભાયલીમાં હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં ધ એરોઝ ઈન્ફ્રા સોસાયટીમાં બાઈક પાર્કિંગ બાબતે ઝઘડો થતા યુવકની ચપ્પુના ઘા મારી હત્યા કરાઈ છે. આ ઘટનાએ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી છે. હાલ પોલીસે આ મામલે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, વડોદરા નજીક ભાયલીમાં ધ એરોઝ ઈન્ફ્રા સોસાયટીમાં ભાડેથી રહેતા અક્ષય કુરપાણે સોસાયટીના પાર્કિંગમાં બાઈક પાર્ક કરી હતી. આ બાબતે સોસાયટીમાં રહેતા સુશીલ કુમાર નામના શખસે અક્ષય સાથે ઝઘડો કર્યો હતો. આરોપી સુશીલે ભાડેથી રહેતા લોકોએ સોસાયટીમાં પાર્કિંગ નહીં કરવાનું કહીને અક્ષય સાથે ઝઘડો કર્યો હતો. આ ઝઘડા પછી સુશીલે સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં અક્ષયને ધમકીઓ આપી હતી. રાત્રે અક્ષય અને તેનો મિત્ર બંને ભાયલી ખાતેના પાન પાર્લર પર ગયા હતા અને તેઓ પરત ફર્યા હતા. અક્ષય પોતાની બાઈક લઈને સોસાયટીમાં પ્રવેશ્યો કે તુરંત જ સુશીલે તેને રોકી તેની સાથે ઝઘડો કર્યો હતો અને તેના હાથમાં રહેલા ચપ્પુથી અક્ષયની છાતીમાં ઘા માર્યા હતા. જો કે, સુશીલ બીજો ઘા મારવા જતા અક્ષયના મિત્રે દોડીને સુશીલના હાથમાંથી ચપ્પુ લઈ ફેંકી દીધું હતું અને બૂમાબૂમ કરતા સોસાયટીના રહીશો ભેગા થઈ ગયા હતા. આ દરમિયાન અક્ષયની હત્યા કરીને આરોપી સુશીલ સોસાયટીની બહાર નીકળી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો દાખલ કરી હત્યારાની શોધ ખોળ હાથ ધરી છે. વડોદરામાં ભાયલીમાં હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં ધ એરોઝ ઈન્ફ્રા સોસાયટીમાં બાઈક પાર્કિંગ બાબતે ઝઘડો થતા યુવકની ચપ્પુના ઘા મારી હત્યા કરાઈ છે. આ ઘટનાએ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી છે. હાલ પોલીસે આ મામલે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.






## તંત્રી લેખ..

# વિડિયો ગેમને લઇ ભ્રમ

વિડિયો ગેમ્સને લઈને હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસ બાદ કેટલીક પ્રકારની ગેરસમજ દુર થઈ રહી છે. ટેકનોલોજી ક્ષેત્રની કંપની ડેલ તરફથી કરવામાં આવેલા નવા સર્વેમાં ભારત સહિત ૧૧ દેશોના ૫૭૬૩ ગેમર્સને સામેલ કરવામાં આવ્યા હતા. આ સ્ટડી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આશરે ૫૦ ટકા યુવાને લાગે છે કે ગેમિંગથી તેમને સ્ટ્રેટેજિક થિંકર બનવામાં મદદ મળી રહી છે. આના કારણે ચીજોને નિહાળવા, સમજવા અને ઓળખ કરીને રિએક્ટ કરવા સાથે સંબંધિત તેમની ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરી છે. આશરે ૪૬ ટકા લોકોને લાગે છે કે ગેંમિંગના કારણે તેઓ વધારે સ્પર્ધાત્મક બની ગયા છે. ૩૭ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમર તરીકે તેમની ઓળખ ઉભી થાય તેમાં તેમને કોઇ ખોટુ દેખાતુ નથી. જો કે આના બદલે તેઓ વખારે સ્પર્ધાત્મક તરીકે પોતાને અનુભવ કરે છે. આ ગેમર્સની પોતાની ફિલિંગથી આગળ વધવામાં આવે તો આ સ્ટડી રિપોર્ટથી સ્પષ્ટ થઈ જાય છે કે ગેમિંગ તેમને જીવનના અન્ય પાસાથી અલગ કરી રહી નથી. આશરે ૬૮ ટકા ગેમર મ્યુઝિકના શોખીન હોવાની વિગત સપાટી પર આવી છે. બીજી બાજુ ૫૭ ટકા લોકોને પરિવાર અને મિત્રતોની સાથે સમય ગાળવાનુ વધારે પસંદ છે. ૫૬ ટકા લોકોએ પ્રવાસને પ્રાથમિકતા આપી છે. ૪૦ ટકા ગેમર કહે છે કે તેમને ભણવામાં અને વાચવામાં વધારે મજા પડે છે. વધુ એક બાબત ઉપયોગી છે તે એ છે કે ગેમિંગ કપલ્સને પણ નજીક લાવવામાં ભૂમિકા અદા કરે છે. ભારતના ૨૫ ટકા ગેમરનુ કહેવુ છે કે તેમના પત્નિ પણ ગેમિંગ કરે છે. ૩૦ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમિંગના શોખના કારણે લોકોની સાથે સંબંધ મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. ગેમિંગના ક્ષેત્રમાં નવા નવા ઈનોવેશન થઈ રહ્યા છે. નવી પેઢીની ઉત્સુકતા તેમાં વધી રહી છે. એક સમાજના રૂપમાં અમે તેને નકારાત્મક રીતે લઈ રહ્યા છીએ. વાલીઓ પહેલા માનતા હતા કે રમશો તો કેરિયર ખરાબ થશે. ગેમમાં પણ જુદી જુદી શ્રેણી રહેલી છે. સેક્સ, હિંસા, વંશીય ભાવનાને ઉશ્કેરવાની બાબતનો સમાવેશ થાય છે. તેમના પર રોક મુકવામાં આવે તે જરૂરી છે. ગેમની દુનિયા અહીં ખતમ થતી નથી. ગેમના જો નેગેટિવ જ પાસા રહ્યા હોત તો જોત જોતામાં ગેમિગ કારોબારનો આંકડો ૨૦૦૦ કરોડ સુધી ન પહોંચી ગયો હોત. બાળપણથી જ ગેમિંગના શોખીન રહેલા લોકો આજે સમાજમાં પોઝિટીવ યોગદાન આપી રહ્યા નથી. હવે સમય આવી ગયો છે કે અમે ગેમિંગને લઈને એક તરફી જે પ્રવાહ રહેલો છે તે સંબંધમાં ફેરવિચારણા કરીએ. કારણ કે ગેમિંગના મામલે જુદા જુદા અભિપ્રાય હવે આવી રહ્યા છે. ગેમિંગના કારણે વધારે ફાયકો થઈ રહ્યો છે અને તેઓ વધારે એક્ટિવ થઈ રહ્યા છે તેમ માનનાર લોકોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં ખેલ ખેલમાં કેટલીક સારી બાબત પણ સપાટી પર આવી રહી છે. ગેમિંગને લઈને એકતરફી વલણ રાખવાની બાબત જોખમી પુરવાર થઈ શકે છે.

# લિમ્બુ પેટના ઘણા રોગથી બચાવે છે

લિમ્બુ શરીર માટે ખુબ જ ઉપયોગી છે. તે પેટના જુદા જુદા રોગને ટાળવામાં મદદરૂપ થાય છે. શરીરમાં કોલેસ્ટ્રોલના સ્તરને પણ નીચે રાખવામાં તેની ભૂમિકા ચાવીરૂપ હોય છે. વિટામિન એ, બી અને સીથી ભરપુર લિમ્બુ પેટ સાથે જોડાયેલા રોગને દુર રાખવામાં મદદરૂપ થાય છે. તેમાં રહેલા પોટેશિયમ, આયરન, સોડિયમ, મેગ્નેશિયમ અને વિટામિન સી શરીની રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો કરે છે. સાથે સાથે એન્ટી ઓક્સીડેન્ટનુ કામ પણ કરે છે. સાથે સાથે શરીરમાં કોલેસ્ટ્રોલનુ સ્તર પણ ઘટાડી દે છે. રાત્રે ઉંઘી જતી વેળા લિમ્બુ પાણી પીવાથી પણ એસિડીટીની સમસ્યા દુર થાય છે. પેટમાં દુખાવો થવાની સ્થિતીમાં લિમ્બુ રસમાં આદુ નાંખીને પીવાથી રાહત મળે છે. ભોજન બાદ લિમ્બુ થોડાક પ્રમાણમાં લેવાથી પાચનક્રિયા ખુબ સારી રહે છે. પાણીમાં લિમ્બુ રસ મિલાવીને પીવાથી કિડની, આંતરડા અને ફેંફસાની કાર્યક્ષમતામાં વધારો થાય છે. સાથે સાથે પેટની સફાઈ કરવામાં તેની ભૂમિકા રહે છે. લિમ્બુના રસમાં મીઠુ નાંખીને પીવાથી પથરી પણ દુર થાય છે. અનેક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચૂક્યો છે કે લીંબુ ખૂબ જ ઉપયોગી છે અને તેના લાભ પણ ખૂબ જ જંગી છે. હવે એક નવા અભ્યાસમાં પણ આ બાબતને સમર્થન મળી ગયું છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે લીંબુમાં વિટામીન સીના પૂરતા પ્રમાણ રહેલા છે જે શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. લીંબુથી પાચન વ્યવસ્થામાં સુધારો થાય છે. સાથે સાથે પાચન શક્તિને સ્વસ્થ બનાવવામાં પણ લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લીંબુમાં રોગપ્રતિકારક શક્તિનું પણ પ્રમાણ ખૂબ વધારે હોય છે જેથી ઈન્ફેક્શનની તકો પણ ઘટી જાય છે. લીંબુમાં એન્ટીબેક્ટેરીયલ અને એન્ટીવાયરલ તત્વો પણ રહેલા હોય છે જેના લીધે ફલુ અને શરદી ગરમી જેવી તકલીફથી પણ રાહત મેળવવામાં લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. લેમન જ્યુસ પીવાની સલાહ તબીબો દ્વારા અભ્યાસના ભાગરૂપે આપવામાં આવી છે. લોહીને સ્વસ્થ બનાવવામાં પણ તેની ભૂમિકા હોવાનો દાવો નવા અભ્યાસમાં કરવામાં આવ્યો છે. શરીરમાંથી ટોક્સીનના પ્રમાણને દૂર કરવામાં તેની ભૂમિકા રહેલી છે. લેમનનો ઉપયોગ આધુનિક સમયમાં કોસ્મેટીક ક્ષેત્રમાં પણ કરવામાં આવે છે. આનો ઉપયોગ એરોમાં થેરાપી માટે પણ થવા લાગ્યો છે.

ફેશનેશનો અનુભવ થાય તે માટે જુદી જુદી સારવાર માટે પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે. હાથ અને પગમાં ઓછા પ્રમાણમાં લીબું સાથે સંબંધિત પાણીનો ઉપયોગ કરવામાં આવે તો તેના પણ ફાયદા રહેલા છે.



### સરહદી ખેંચતણ બાદ હિન્દ મહાસાગરમાં ભારત પ્રભાવ વધારશે...

**ચીનની તમામ નાપાક હરકતો પર નજર રાખવામાં આવી રહી છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાક સમય પહેલા આફ્રિકી દેશોની યાત્રા કરી હતી મોદી મોજામ્બિક, દક્ષિણ આફ્રિકા, તાન્જાનિયા અને કેન્યાની યાત્રા પણ કરી છે**

# હિન્દ મહાસાગરમાં ડ્રેગનને જવાબ

**મોજામ્બિક, કેન્યા અને તાન્જાનિયાની સાથે સંરક્ષણ કરાર કરવામાં આવ્યા છે : મોજામ્બિકમાં ભારત બંદરને વિકસિત કરવા તૈયાર**

લડાખમાં ગલવાન ખીણમાં ચીન સાથે લોહિયાળ જંગ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધ વિસ્ફોટક સ્તરે પહોચેલા છે. બંને દેશો એકબીજાની સામે અનેક પગલા લઈ રહ્યા છે. ભારતે ટિક ટોક સહિત ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મુકી દીધો છે. બીજી બાજુ વ્યુહાત્મક મોરચા પર ચીનને જવાબ આપવા માટેની પણ તૈયારી કરાઈ છે. આના ભાગરૂપે હવે હિન્દ મહાસાગરમાં પણ ડ્રેગને જવાબ આપવા માટે તૈયારી કરી લેવાઈ છે ચીનની તમામ નાપાક હરકતો પર નજર રાખવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાક સમય પહેલા આફ્રિકી દેશોની યાત્રા કરી હતી. મોદી મોજામ્બિક, દક્ષિણ આફ્રિકા, તાન્જાનિયા અને કેન્યાની યાત્રા પણ કરી છે.



હકીકતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની વિદેશ નિતીમાં ખુબ વધારે સક્રિયતા જોવા મળી રહી છે. ભારતના સંબંધ આફ્રિકા સાથે સાંસ્કૃતિ, ઐતિહાસિક અને પરંપરાગત રહ્યા છે. આ સંબંધોને વધારે મજબુત કરવાની દિશામાં સતત પહેલ કરવામાં આવી રહી છે. મોદીએ મોજામ્બિક પહોંચીને કેટલાક ઐતિહાસિક નિર્ણય કર્યા હતા. કેટલીક સમજુતી કરી હતી. આ આર્થિક સમજુતીના સીધા લાભ ભારતને થનાર છે. મોજામ્બિક આફ્રિકાના પૂર્વીય દરિયા કિનારે છે. સાથે સાથે હિન્દ મહાસાગરના કિનારે સ્થિત છે. ત્યાં મોદીએ ભારત માટે લિક્વિફાઈડ નેચરલ ગેસ આયાત કરવા માટે સમજુતી કરી હતી. હકીકતમાં ભારત પોતાની જરૂરીયાત પૈકી ૯૦ ટકા એલએનજી કતારમાંથી આયાત કરે છે અને મધ્યપૂર્વના આ દેશમાં તાજેતરમાં જોરદાર અસ્થિરતાનો માહોલ છે. આવી સ્થિતીમાં દેશ માટે આ બાબત જરૂરી હતી કે પરેશાનીના આ દોરમાં કતાર સિવાય અન્ય કોઈ દેશ સાથે પણ સમજુતી કરવામાં આવે જેથી કોઈ તકલીફ ન પડે. આના માટે મોજામ્બિકથી સારા દેશ તરીકે ભારત માટે કોઈ હોઈ શકે નહી.અમને એક નવા મિત્ર પણ મળી ગયા છે. જેની પાસેથી ઈચ્છા મુજબ એલએનજીની માંગ કરી શકીએ છીએ. એક મહત્વપૂર્ણ સમજુતી કઠોળ માટે પણ કરવામાં આવી હતી. આ સમજુતી ઉપયોગી સાબિત થઈ શકે છે. કઠોળના મામલે ભારત લાંબા સમયથી અન્ય દેશ પર અથવા તો આયાત પર આધારિત છે. વધતી જતી માંગ અને આયાત પર નિર્ભરતાને ઘટાડી દેવા માટે ભારત હવે મોજામ્બિકમાં જમીન ખરીદનાર છે. ત્યાંજ કઠોળનુ ઉત્પાદન કરવામાં આવનાર છે. ત્યાંરબાદ કઠોળની ત્યાંથી નિકાસ કરવામાં આવનાર છે. આના કારણે કઠોળના ભાવમાં ઘટાડો તો થશે સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી પણ મળનાર છે.

ભારતમાં તેની કિંમતને અંકુશમાં લેવામાં પણ મદદ મળી શકશે. આવી જ કેન્યા સાથે કેટલાક કરારો કરવામાં આવી ચુક્યા છે. દક્ષિણ આફ્રિકા સાથે ભારતે માઈનિંગ, દવા, આરોગ્ય, વીમા પ્રવાસ, ઉર્જા જેવા ક્ષેત્રોમાં સમજુતી કરી છે. અહીં ધ્યાન આપવા માટેની બાબત એ છે કે મોજામ્બિક, કેન્યા અને તાન્જાનિયા સાથે સંરક્ષણ સહયોગ અને અન્ય સમજુતી કરી છે. મોજામ્બિકમાં તો ભારત બંદર વિકસિત કરનાર છે. બેઈરા બંદરને વિકસિત કરવા માટે સમજુતી કરવામાં આવી છે. તેનો સીધો લાભ તો મોજામ્બિકમાં મુડીરોકાણ કરનાર દેશોને મળનાર છે. સાથે સાથે અમને પણ આનો સીધો ફાયદો થનાર છે. આયાત અને નિકાસની દ્રષ્ટિએ આ બંદર ઉપયોગી સાબિત થઈ શકે છે.

બંદરને વિકસિત કરવાની બાબતથી મોજામ્બિક સહિત અન્ય દેશોને ફાયદો થનાર છે. આના કારણે હિન્દ મહાસાગરમાં ભારતના પ્રભાવને વધારી દેવામાં પણ મદદ મળી રહી છે. ભારત હમેંશા આ બાબતને લઈને ચિંતિત રહે છે કે ચીનની સબમરીન ક્યારેય પાકિસ્તાનમાં તો ક્યારેય શ્રીલંકાના બંદર પર જઈને રોકાય છે. આવી સ્થિતીમાં આમાં બ્રેક મુકાશે. આવી સ્થિતીમાં દરિયામાં બાજ નજર રાખવામાં મદદ મળશે. સરળ ભાષામાં કહેવામાં આવે તો ભારતને હિન્દ મહાસાગરમાં પોતાની સ્થિતીને મજબુત કરવા અને હાજરી વધારી દેવાની શાનદાર તક મળી ગઈ છે.

હિન્દ મહાસાગરમાં ડ્રેગનને પરોક્ષ જવાબ આપવા માટે મોદીએ કમર કસી લીધી છે. તેની તાકાત ચીનની ગતિવિધી પર નજર રાખવા માટે વધી જશે. એક ચિંતા હમેંશા વ્યક્ત કરવામાં આવે છે કે ચીન ભારત કરતા વધારે મજબુતી સાથે આફ્રિકી દેશોમાં પણ હાજરી ધરાવે છે પણ ભારતને કોઈ નુકસાન આનાથી નથી.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઇએ**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે.

ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા



માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે.

સોફટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિંગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે.

આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફટવેરના જ્ઞાનની સાથે સાથે સોફટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે.

જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.

# બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના લીધે લોકોને ખુબ ફાયદો થયો છે

**ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે**

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણૅની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઈ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઈ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે જે આસપાસ હાજર નથી.

હજુ સુધી આનો ઉપયોગ પાયલોટ ટ્રેનિંગ અથવા તો હેલ્થકેર સેક્ટરમાં થતો રહ્યો છે. જો કે હવે ગેંમિંગ અને અન્ય એન્ટરટેઈનમેન્ટનના ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધવા લાગી ગયો છે. આનો ઉપયોગ વધવાના કારણે આ સેક્ટર સ્મોલ બિઝનેસના કેટલાક અવસર આપે છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



મુંબઈથી દિલ્હી-એનસીઆર સુધી અરાજકતા

# વરસાદમાં ટામેટાંના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા

। મુંબઈ, તા.૪ ।

ટામેટાના ભાવમાં વધારોઃ વરસાદની ઋતુ શરૂ થતાં જ ટામેટાંનો રંગ ફરી એકવાર લાલ થઈ રહ્યો છે. ભારતીય બજારોમાં ટામેટાંના ભાવ આસમાને પહોંચવા લાગે છે અને તે ૮૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગામી દિવસોમાં આ ભાવ વધુ વધી શકે છે. હવે ભલે લોકો સરકારને કોસતા ટામેટાં ખરીદી રહ્યા હોય, આજે અમે તમને તેના લાલ થવાનું કારણ જણાવીશું. આ સાથે, અમે એ પણ માહિતી આપીશું કે આ ઋતુમાં દર વર્ષે ટામેટાંના ભાવ વધવાના સમાચાર કેમ સામે આવે છે.કોઈપણ શાકભાજી મોંઘી થવાનું પહેલું કારણ તેના પુરવઠામાં ઘટાડો છે. ભારે વરસાદને કારણે ટામેટાંની ખેતી પ્રભાવિત થાય છે, તેમજ પાણી ભરાઈ જવાને કારણે ખેડૂતો પાક બહાર કાઢી શકતા નથી. આ ઋતુમાં પરિવહનને લગતા ઘણા પડકારો છે. આવી સ્થિતિમાં, તેની સીધી અસર બજાર અને મંડીઓના ભાવ પર પડે છે. મંડીઓમાં નવો પાક પહોંચવામાં વિલંબ થવાને કારણે, ટામેટાંના ભાવ સતત વધતા જાય છે અને પુરવઠો ન આવે ત્યાં સુધી તે મોંઘા રહે છે.કોઈપણ પ્રકારની મોંઘવારીની સૌથી સીધી અને સૌથી મોટી અસર સામાન્ય માણસ પર પડે છે. જ્યારે આવું થાય છે, ત્યારે લોકોના ખિસ્સા કપાઈ જાય છે અને આખા મહિનાનું બજેટ બગડી જાય છે. જ્યાં પહેલા લોકો આખા અઠવાડિયા માટે ૨૦૦ કે ૩૦૦ રૂપિયામાં શાકભાજી ખરીદતા હતા.

### અત્યાર સુધીમાં ૩૬૨૮ નાગરિકોનો સુરક્ષિત બચાવ

# મધ્યપ્રદેશમાં ચોમાસું કાળ સાબિત થયો । અત્યાર સુધી ૨૫૨ના મોત । લોકો કેમ્પમાં રહેવા મજબૂર

**મધ્યપ્રદેશ સરકારના આંકડા મુજબ, અત્યાર સુધીમાં રાજ્યમાં ૭૧૧.૩ મીમી વરસાદ નોંધાયો । જે સામાન્ય કરતાં ૫૯% વધુ છે । રાજ્યના કુલ ૪૦ જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો**

। નવીદિલ્હી, તા.૩ ।

મધ્ય પ્રદેશમાં છેલ્લા લગભગ ૪૦ દિવસમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં થયેલા ભારે વરસાદના ભયાનક આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે આ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં ૨૫૨ લોકોનાં મોત થયા છે, જ્યારે વરસાદી વાતાવરણમાં ૪૩૨ પશુઓ પણ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૩૬૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.મુખ્યમંત્રી મોહન યાદવે તાજેતરમાં રાજ્યમાં થયેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ તથા રાહત-બચાવ કાર્યો અંગે જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીને જણાવવામાં આવ્યું કે, વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૩૬૨૮ નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

હાલમાં, ૫૩ રાહત શિબિરો ચલાવવામાં આવી રહી છે, જેમાં ૩૦૬૫ અસરગ્રસ્ત લોકોને રાખવામાં આવ્યા છે. તેમને ભોજન, પાણી, દવાઓ અને કપડાં જેવી તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

બેઠકમાં મુખ્યમંત્રી મોહન યાદવે અધિકારીઓને સૂચના આપી કે, ભારે વરસાદ કે પૂરથી અસરગ્રસ્ત લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થવી જોઈએ. સર્વે જલદી પૂરો કરીને પીડિતોને તેમના નુકસાનનું યોગ્ય વળતર આપવામાં આવે.

બેઠક પછી, મુખ્યમંત્રી ડૉ. યાદવે જણાવ્યું કે ભારે વરસાદવાળા જિલ્લાઓના કલેક્ટરો દ્વારા અત્યાર સુધીમાં ૨૮.૪૯ કરોડ રૂપિયાની રાહત રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. સરકારે રાહત કાર્ય માટે લગભગ ૩૬૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે.



મુખ્યમંત્રી મોહન યાદવે એમ પણ જણાવ્યું કે, 'ભારે વરસાદને ધ્યાનમાં રાખીને દ્ગઇહ્લની ટીમોને ભોપાલ, ગ્વાલિયર, જબલપુર અને ધારમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે જીડ્ઢઇહ્લની ટીમોને રાજ્યભરમાં સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.'

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૨ લોકોનાં મોત થયા છે. જેમાં ભારે વરસાદથી ૪૭, નદી-નાળામાં ડૂબી જવાથી ૧૩૨, વીજળી પડવાથી ૬૦ અને દીવાલ/મકાન/ઝાડ પડવાથી ૧૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત, ૪૩૨ પશુઓ અને ૧૨૦૦ મરઘીઓ પણ મૃત્યુ પામ્યા છે. બચાવ અને રાહત ટીમ દ્વારા કુલ ૪૩૨ રેસ્ક્યુ ઑપરેશન હાથ ધરવામાં આવ્યા છે.

## દિલ્હીમાં મોર્નિંગ વોક માટે નીકળેલી મહિલા સાંસદની ચેઈન છીનવાઈ ગઈ

। નવીદિલ્હી, તા.૪ ।

દેશની રાજધાનીમાં તમિલનાડુના મહિલા કોંગ્રેસ સાંસદ એમ. સુધા સાથે એક ગંભીર ઘટના બની છે. સોમવારે સવારે ૬ વાગ્યે એક મહિલા સાંસદ સાથે ચેઈન સ્નેચિંગની ઘટના બની. દિલ્હીના ચાણક્યપુરીમાં, અજાણ્યા સ્નેચર્સે મયલાદુથુરાઈ સાંસદ આર. સુધાની કિંમતી સોનાની ચેઈન છીનવી લીધી જ્યારે તે મોર્નિંગ વોક માટે નીકળી હતી. આ દરમિયાન, તેણીને ગળામાં પણ ઈજા થઈ.ચાણક્યપુરી વિસ્તાર ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. રાજ્ય સરકારોના ઘણા દૂતાવાસો અને સત્તાવાર રહેઠાણો અહીં આવેલા છે. આવી સ્થિતિમાં, આ ઉચ્ચ સુરક્ષાવાળા સ્થળે બનેલી ઘટના ખૂબ જ ચોંકાવનારી છે. પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં તમિલનાડુ ભવનમાં રહેતી સુધા મોર્નિંગ વોક માટે નીકળી હતી, ત્યારે અજાણ્યા હુમલાખોરો તેમની સોનાની ચેઈન છીનવીને સ્થળ પરથી ભાગી ગયા હતા. કોંગ્રેસના સાંસદ આર. સુધાએ જણાવ્યું હતું કે, "આ ઘટના આજે સવારે ૬ વાગ્યે, તમિલનાડુ ભવનથી ૫૦૦-૬૦૦ મીટરના અંતરે બની હતી. બાઈક સવાર બદમાશોએ આવીને મારા ગળામાંથી ચેન છીનવી લીધી હતી. મેં ચીસો પાડી પણ તેઓ ભાગી ગયા. મેં સ્પીકરને ફરિયાદ કરી છે. મેં પોલીસમાં ફરિયાદ કરી છે અને ફરિયાદ લેવામાં આવી છે. મેં ગૃહ મંત્રાલયને ફરિયાદ મોકલી છે.

### ઓપરેશન મહાદેવ : ત્રણ પાકિસ્તાની આતંકી ઠાર

# ૬ અથડામણ ૨૧ આતંકવાદીઓ ઠાર । પહલગામ હુમલા બાદ ભારતીય સેનાની મોટી કાર્યવાહી

**ભારતીય સેના, સીઆરપીએફ, બીએસએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે ઓપરેશનને પાર પાડી છ જુદી જુદી અથડામણોમાં કુલ ૨૧ આતંકવાદીઓને ઠાર કર્યા । ઠાર થયેલાઓમાં ૧૨ પાકિસ્તાની અને ૯ સ્થાનિકનો સમાવેશ**

। જમ્મુ-કાશ્મીર, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ આતંકવાદી હુમલા બાદ ભારતીય સેના એક પછી એક કાર્યવાહીઓ કરી રહી છે. ભારતીય સેના, સીઆરપીએફ, બીએસએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે ઓપરેશનને પાર પાડી છ જુદી જુદી અથડામણોમાં કુલ ૨૧ આતંકવાદીઓને ઠાર કર્યા છે. ઠાર થયેલાઓમાં ૧૨ પાકિસ્તાની અને ૯ સ્થાનિકનો સમાવેશ થાય છે.ભારતીય સેનાએ શ્રીનગરથી લગભગ ૭૦ કિલોમીટર દૂર કુલગામમાં તાજેતરમાં જ ઓપરેશન અકાલ હાથ ધરી લશ્કર-એ-તોઈબાના ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. ઠાર થયેલા આતંકવાદીઓમાં કુલગામ રહેવાસી જાકિર અહમદ ગની, સોપોરનો રહેવાસી અને કેટેગરી-એ-આતંકવાદી આદિલ રહમાન ડેંટૂ અને પુલવામાં રહેતો હરીશ ડાર સામેલ હતો. સુરક્ષા દળના જણાવ્યા મુજબ, સ્થાનિક ભરતી તેમજ સરહદ પારથી ઘૂસણખોરી કરનારાઓને લોજિસ્ટિક મદદ કરવા માટે આ ગ્રૂપને ફરી સક્રિય કરાયું હતું.



જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લામાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં જૈશ-એ-મોહમ્મદના સાત આતંકવાદીઓ ઠાર થયા હતા. આ એન્કાઉન્ટર જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક માટે સૌથી મોટી ઘાતક હતી.

શોપિયા જિલ્લાના કેલરના જંગલમાં અથડામણ થઈ હતી, જેમાં સેનાએ લશ્કરના ટોચના ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. તેમાં શાહિદ કુટ્ટે, અદનામ શફી ડાર અને આમિર બશીર સામેલ હતો. આ ઉપરાંત ત્રાલના જંગલ વિસ્તારમાં એકાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી ઠાર કરાયા હતા, જેમાં આસિફ અહમદ શેખ, આમિર નજીર વાની અને યાવર અહમદ ભટ્ટ સામેલ હતો.

ભારતીય સેનાએ ઓપરેશન મહાદેવ હેઠળ મુલનાર ગામમાં આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપી ત્રણ પાકિસ્તાની આતંકી સુલેમાન, અફગાન અને જિબરાનને ઠાર કર્યા હતા. આ ત્રણેય આતંકવાદીઓનો પહલગામ હુમલામાં હાથ હતો. ત્યારબાદ ઓપરેશન શિવશક્તિ હેઠળ બે પાકિસ્તાની આતંકીને ઠાર કરાયા હતા. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, બંને આતંકી પીઓકેમાંથી ઘૂસણખોરીને આવ્યા હતા.

### રજિસ્ટર્ડ પોસ્ટ સેવાની સુવિધા વર્ષ ૧૮૫૪થી શરૂ કરાઈ હતી

## રજિસ્ટર્ડ પોસ્ટની સેવા બંધ કરવામાં આવશેઃ પોસ્ટ વિભાગ

। નવી દિલ્હી, તા.૪ ।

૧લી સપ્ટેમ્બરથી રજિસ્ટર્ડ પોસ્ટ સેવાને હવે સ્પીડ પોસ્ટમાં મર્જ કરવામાં આવશે. એટલે કે હવે ગ્રાહકોને પાર્સલ મોકલવા માટે ફક્ત સ્પીડ પોસ્ટની સુવિધા જ મળશે તેવી જાહેરાત ભારતીય પોસ્ટ વિભાગે કરી છે. પોસ્ટ વિભાગે જણાવ્યું છે કે આ નિર્ણય પછી પોસ્ટ સર્વિસ ઝડપી અને આધુનિક બનશે.રજિસ્ટર્ડ પોસ્ટ સેવાની સુવિધા વર્ષ ૧૮૫૪થી શરુ કરાઈ હતી. તેના દ્વારા ગ્રાહકો જરુરી ડોક્યુમેન્ટની સાથે કિંમતી સામાન મોકલી શકતા હતા. જોકે, હવે ૧લી સપ્ટેમ્બરથી રજિસ્ટર્ડ પોસ્ટલેબલ મળશે નહીં. રજિસ્ટર્ડ પોસ્ટ સર્વિસમાં પ્રુફ ઓફ ડિલીવરી અને રિસીવરની સહીની જરૂરિયાત રહેતી હતી, જે હવે સ્પીડ પોસ્ટમાં મળશે. પોસ્ટ વિભાગના વર્ષ ૨૦૧૧-૧૨ના સત્તાવાર આંકડા મુજબ, પ્રતિ વર્ષ રજિસ્ટર્ડ પોસ્ટની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલાતી ચીજવસ્તુ(આર્ટિકલ) ૨૪ કરોડથી ઘટીને ૨૦૧૯-૨૦માં ૧૮ કરોડ થઈ ગઈ. ૨૫ ટકાનો ઘટાડો ચોખ્ખો દેખાયો છે. સ્પીડ પોસ્ટ સેવાના દર આ પ્રમાણે રહેશે, જેમાં ૫૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦ કિ.મીના અંતરથી ઉપર રૂ. ૩૫, ૨૦૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦થી ૧૦૦૦ કિમી માટે રૂ. ૪૦, ૧૦૦૦થી ૨૦૦૦ કિમી સુધી માટે રૂ. ૬૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ.૭૦ ચાર્જ લાગશે. ૨૦૧-૫૦૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦ કિમીના અંતર સુધી રૂ. ૫૦, ૧૦૦૦ કિમી સુધી રૂ. ૬૦, ૨૦૦૦ કિમી સુધી રૂ. ૮૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ. ૯૦ ચાર્જ લાગશે. પ્રતિ ૫૦૦ ગ્રામ વધવા પર ૨૦૦ કિમી સુધી રૂ.૧૫, ૧૦૦૦ કિમી સુધી રૂ.૩૦, ૨૦૦૦ કિમી સુધી રૂ.૪૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ.૫૦ પોસ્ટ વિભાગ લેશે. ૧લી સપ્ટેમ્બરથી રજિસ્ટર્ડ પોસ્ટ સેવાને હવે સ્પીડ પોસ્ટમાં મર્જ કરવામાં આવશે. એટલે કે હવે ગ્રાહકોને પાર્સલ મોકલવા માટે ફક્ત સ્પીડ પોસ્ટની સુવિધા જ મળશે તેવી જાહેરાત ભારતીય પોસ્ટ વિભાગે કરી છે. પોસ્ટ વિભાગે જણાવ્યું છે કે આ નિર્ણય પછી પોસ્ટ સર્વિસ ઝડપી અને આધુનિક બનશે.

### ન્યૂઝ બ્રિફ



## રાંઝણા'નો ક્લાઈમેક્સ એઆઇ દ્વારા બદલાયો, ધનુષે વાંધો ઉઠાવ્યો

। મુંબઇ, તા.૪ ।

ધનુષે ૨૦૧૩ માં 'રાંઝણા' સાથે બોલિવૂડમાં જબરદસ્ત એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે સોનમ કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી અને આ જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. આનંદ એલ રાય દ્વારા દિગ્દર્શિત 'રાંઝણા' ફિલ્મમાં ધનુષ અને સોનમ કપૂર ઉપરાંત અભય દેઓલ, સ્વરા ભાસ્કર અને ઝીશાન અયુબ જેવા કલાકારો પણ જોવા મળ્યા હતા અને આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. તાજેતરમાં જ, ફિલ્મ ફરીથી રિલીઝ થઈ હતી, પરંતુ મોટા ટ્વિસ્ટ સાથે. ફિલ્મનો ક્લાઈમેક્સ એઆઈ દ્વારા બદલીને તેને ફરીથી રિલીઝ કરવામાં આવ્યો હતો, જેનાથી ફિલ્મના ડિરેક્ટર આનંદ એલ રાય અને હીરો ધનુષ નિરાશ થયા છે. ધનુષે તાજેતરમાં સોશિયલ મીડિયા દ્વારા ફિલ્મના બદલાયેલા ક્લાઈમેક્સ પર નારાજગી વ્યક્ત કરી હતી.ધનુષે એકસ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે એઆઈ દ્વારા રાંઝણાના ક્લાઈમેક્સ બદલવા પર નિરાશા વ્યક્ત કરી હતી અને એક મોટી આગાહી પણ કરી હતી. ધનુષે પોતાની પોસ્ટમાં લખ્યું હતું - 'રાંઝણા' એઆઈ દ્વારા બદલાયેલા ક્લાઈમેક્સ સાથે ફરીથી રિલીઝ થવાથી મને સંપૂર્ણપણે નારાજ થયો છે. આ નવા ક્લાઈમેક્સે ફિલ્મનો આત્મા છીનવી લીધો છે. મારા સ્પષ્ટ વાંધો હોવા છતાં સંબંધિત પક્ષોએ આવું કર્યું.'ધનુષે પોતાની પોસ્ટમાં એઆઈ વિશે મોટી ભવિષ્યવાણી કરી હતી અને તેને ફિલ્મના વારસા માટે ખતરો ગણાવ્યો હતો અને આગળ લખ્યું હતું કે - 'આ તે ફિલ્મ નથી જેના માટે હું ૧૨ વર્ષ પહેલાં સંમત થયો હતો.

## આ વખતે 'ઘરવાલો કી સરકાર, સલમાન ખાને પ્રોમો રિલીઝ કર્યો

। મુંબઇ, તા.૪ ।

ટીવી દુનિયાનો સૌથી લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસ તેની નવી સીઝન સાથે પરત ફરી રહ્યો છે. જીયો હોટસ્ટારએ તેનો પ્રોમો રિલીઝ કર્યો છે. આમાં, સલમાન ખાન એક નેતાના વેશમાં ઘરના સભ્યોની સરકાર બનાવતો જોવા મળે છે. આ રિયાલિટી શો ૨૪ ઓગસ્ટથી શરૂ થશે.જોકે, બિગ બોસ-૧૯ ના સ્પર્ધકોના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ ફરી એકવાર બિગ બોસની મજા ૨૪ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. આ વખતે બિગ બોસની ૧૯મી સીઝન બનવા જઈ રહી છે. આ વખતે સલમાને પ્રોમોમાં સંપૂર્ણ નેતાનો પોશાક પણ પહેર્યો છે અને ઘરના સભ્યોની સરકાર બનાવતો જોવા મળી રહ્યો છે. જિયો હોટસ્ટારે ગુરુવારે તેનો પ્રોમો રિલીઝ કર્યો છે. આ વખતે બિગ બોસ-૧૯ નવા લોગો સાથે નવા સ્વાદમાં પરત ફરવા જઈ રહ્યું છે. દર્શકો આ રિયાલિટી શોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને હવે જોવાનું રહેશે કે આ સીઝનમાં કેવા પ્રકારના સ્પર્ધકો પોતાનો જલવો બતાવતા જોવા મળશે.તમને જણાવી દઈએ કે આ પહેલા બિગ બોસની ૧૮મી સીઝન પણ ખૂબ જ હિટ રહી હતી.

## કેટલાક લોકો સત્તા વહેંચવા માટે સહમત નથી : કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર

। નવીદિલ્હી, તા.૪ ।

કર્ણાટકમાં ટોચના પદ માટે તેમના બોસ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે ઝઘડામાં ફસાયેલા જોવા મળતા કોંગ્રેસ નેતા ડીકે શિવકુમારે દિલ્હીમાં ગાંધી પરિવારની પ્રશંસા કરી અને કેટલીક તીખી ટિપ્પણીઓ પણ કરી. તેમણે સીએમ સિદ્ધારમૈયા પર પણ કટાક્ષ કર્યો અને કહ્યું કે કેટલાક લોકો સત્તા વહેંચણી પર સહમત નથી. દિલ્હીમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત "બંધારણીય પડકારો" શીર્ષકવાળા કાર્યક્રમમાં રાજકારણમાં સત્તા વહેંચણી પર બોલતા, શિવકુમારે ગાંધી પરિવારની પ્રશંસા કરી અને કોંગ્રેસ સાથેના તેમના લાંબા કાર્યકાળ અને કર્ણાટકમાં પાર્ટીને સત્તામાં લાવવાના તેમના પ્રયાસો વિશે પણ વાત કરી.

ડીકે શિવકુમારે ૨૦૦૪ માં સોનિયા ગાંધીના વડા પ્રધાન પદનો ઈનકાર કરવાના નિર્ણયની પ્રશંસા કરી અને રાજકારણમાં સત્તા વહેંચણી વિશે વાત કરી. તેને રાજકીય બલિદાનનું અપ્રતિમ કાર્ય ગણાવતા, તેમણે કહ્યું, "જ્યારે રાષ્ટ્રપતિએ સોનિયા ગાંધીને વડા પ્રધાન તરીકે શપથ લેવા કહ્યું, ત્યારે તેમણે કહ્યું, 'મારા માટે સત્તા મહત્વપૂર્ણ નથી.' તેમણે નક્કી કર્યું કે એક શીખ, લઘુમતી અને એક અર્થશાસ્ત્રી દેશને બચાવી શકે છે અને તેમને વડા પ્રધાન બનવું જોઈએ."

## ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું થયું નિધન

। નવી દિલ્હી, તા.૪ ।

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી અને ઝારખંડ મુક્તિ મોરચા (ઝામુમો) નેતા શિબુ સોરેનનું નિધન થઈ ગયું છે. તેઓ સ્વાસ્થ્યની સમસ્યાને કારણે વેન્ટીલેટર પર હતા. હેમંત સોરેને આ મામલે જાણકારી આપતાં કહ્યું કે હવે ગુરુજી આપણી વચ્ચે નથી. આજે હું શૂન્ય થઈ ગયો. શિબુ સોરેન છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી દિલ્હીની શ્રી ગંગા રામ હોસ્પિટલમાં દાખલ હતા. તેમને જૂન મહિનામાં છેલ્લા અઠવાડિયે કિડની સંબંધિત સમસ્યાને કારણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેઓ ૮૧ વર્ષના હતા.

## યુપીના ૪૬ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી

। લખનૌ, તા.૪ ।

યુપીમાં ચોમાસું સક્રિય છે જેના કારણે વરસાદ ચાલુ છે. પ્રયાગરાજમાં ઘણા વિસ્તારો પૂરમાં ડૂબી ગયા છે, જ્યારે વારાણસી સહિત ઘણા શહેરોમાં નદીઓ પૂરમાં છે.હવામાન વિભાગે રાજ્યના તરાઈ અને આગ્રા વિભાગના લગભગ ૧૫ જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. તે જ સમયે, ૩૧ અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદ માટે પીળો એલર્ટ જારી કરવામાં આવ્યો છે અને ૬૪ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતા છે.યુપીના ૧૭ જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે, જેમાં પ્રયાગરાજથી બલિયા સુધી ગંગાના કિનારે આવેલા વિસ્તારો વધુ પ્રભાવિત છે. તે જ સમયે, મિર્ઝાપુરથી બલિયા સુધી ગંગા પૂરની સ્થિતિમાં છે.

પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે અને લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. પૂર પીડિતોને રાહત આપવા માટે, સીએમ યોગીએ ૧૧ મંત્રીઓની એક ટીમ બનાવી છે અને આ મંત્રીઓ પોતપોતાના વિસ્તારોમાં જઈને રાહત અને બચાવ કાર્ય પર નજર રાખી રહ્યા છે.વારાણસી જિલ્લામાં પૂરનું સંકટ વધુ ઘેરું બનતું દેખાય છે. અસ્સી વિસ્તારમાં ઘાટ પાર કરીને, ગંગા હવે રસ્તાઓ પર પહોંચી ગઈ છે. પાણીનું સ્તર સતત ૨-૩ ફૂટ વધી રહ્યું છે. કેન્દ્રીય જળ આયોગના અહેવાલ મુજબ, આજે સવારે ૬ વાગ્યે ગંગાનું પાણીનું સ્તર ૭૨ મીટરને વટાવી ગયું છે અને હાલમાં તે ૭૨.૧ મીટર પર પહોંચી ગયું છે.

**દેશના છ રાજ્યોમાં વરસાદી કહેર** | **ઉત્તરાખંડના ઉધમ સિંહ નગરમાં રેબડા નદીનું જળસ્તર વધ્યું છે, તો ઉત્તર પ્રદેશમાં અનેક જિલ્લાઓ વરસાદ, પૂરના ખતરા સામે ઝઝૂમી રહ્યા છે**

# વરસાદના કારણે અનેક ગામો જળમગ્ન । યુપી-રાજસ્થાનમાં પૂરનો ખતરો

। નવી દિલ્હી, તા.૩ ।

ઉત્તર ભારતના અનેક રાજ્યો પૂર અને વરસાદનો સામનો કરી રહ્યા છે. અનેક નદીઓના જળસ્તર વધવાના કારણે લાખો લોકો પોતાના ઘર છોડવા મજબૂત થયા છે. સૌથી વધુ યુપી અને રાજસ્થાન પૂરના ખતરાનો સામનો કરી રહ્યા છે. ઉત્તરાખંડના ઉધમ સિંહ નગરમાં રેબડા નદીનું જળસ્તર વધ્યું છે, તો ઉત્તર પ્રદેશમાં અનેક જિલ્લાઓ વરસાદ, પૂરના ખતરા સામે ઝઝૂમી રહ્યા છે, જ્યારે મધ્યપ્રદેશના હબીપુરા ગામ પૂરની ઝપેટમાં આવી ગયું છે. આ ઉપરાંત રાજસ્થાનના ભરતપુરમાં અનેક ગામો જળમગ્ન થઈ ગયા છે. જ્યારે બિહારના બગહામાં ટ્રેક્ટર પલટી જતા



મા-પુત્રનું મોત થયું છે.

પશ્ચિમ બંગાળના બે ડેમમાં પાણી છોડાતા નીચેના વિસ્તારોને અલર્ટ કર્યા છે.ઉધમ સિંહ નગરમાં અનેક મુખ્ય નદીઓ આવેલી છે, જેમાં રેબડા નદીમાં પાણીના જળસ્તરમાં વધારો થતા પૂરનું સંકટ શરૂ થઈ ગયું છે. અહીં સૌથી વધુ અસર બાજપુર વિસ્તારમાં થઈ છે, જ્યાં અનેક લોકોના ઘરમાં પાણી ઘુસી ગયું છે અને અનેક માર્ગો જળમગ્ન થઈ ગયા છે. રાજ્યમાં વરસાદની આફતમાં એક ૧૧ વર્ષના બાળકનું ડૂબી જવાથી મોત થયું હોવાની માહિતી પણ સામે આવી છે.

સતત વરસાદ પડવાના કારણે અનેક નદીઓનું જળસ્તર વધી રહ્યું છે. સાથે જ રાહત-બચાવ કાર્યમાં પણ અડચણો આવી રહી છે. ઉત્તર પ્રદેશના પ્રયાગ રાજમાં ગારાપુર-ઝૂંસી માર્ગ આખો ડૂબી ગયો છે. સોનોટી, ઢોલબજવા અને પુરવા ગામનો સંપર્ક તૂટી ગયો છે. અનેક લોકો નાવડીનો સહારો લઈ રહ્યા છે. રિપોર્ટ મુજબ વરસાદી આફતના કારણે અનેક શાળાઓ બંધ રાખવાની નોબત આવી છે, તો કેટલાક ઘરોમાં વીજળી પણ ડૂલ થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. છોટા બઘાડા વિસ્તારમાં કમ સુધી પાણી ભરાઈ ગયું છે, તો મંદિરો, વાહનો અને મકાનો પાણીમાં ડૂબી ગયા છે. રસૂલાબાદ ઘાટમાં પાણી ભરાતા અંતિમ સંસ્કાર બંધ થઈ ગયા છે. નદીઓ ખતરાથી ઉપર વહી રહી છે, જ્યારે પૂરના કારણે અનેક લોકો પરેશાન છે.ઉત્તર પ્રદેશના ચંદૌલીમાં ગંગા નદીના જળસ્તરમાં વધારો થવાથી પૂરની ચેતવણી આપવામાં આવી છે.


# કરુણ દૃશ્યો : ભોજનની રાહ જોતી ભીડ પર અંધાધૂંધ ગોળીબાર । ગાઝામાં વધુ ૨૩ના મોત





દેઈર અલ-બલાહ : ગાઝા પટ્ટીમાં રવિવારે ભોજનની શોધમાં નીકળેલા એક જૂથના લોકોને ઇઝરાયલના સૈનિકોએ ગોળીથી વિંધી નાખ્યા હતા. ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઈનના લોકો પર ઈઝરાયલના સૈનિકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૩ લોકોના મોત થયા હતા. હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આ અંગે માહિતી આપી હતી.ભોજન લેવા આવેલા પ્રત્યક્ષદર્શી યુસુફ આબેદે જણાવ્યું કે, અમે ભોજન લેવા આ ભોજન વિતરણ કેન્દ્ર પર આવ્યા હતા. જ્યાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થવા લાગ્યો હતો. અમે આમ-તેમ દોડવા લાગ્યા, અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જમીન પર થોડી જ ક્ષણોમાં ચારે બાજુ લાશોના ઢગલાં જોવા મળ્યા હતા. મૃતદેહોની આસપાસ લોહીના ખાબોચિયા થયા હતા. ભીષણ ગોળીબારના કારણે કોઈ મદદે આવી શક્યું નહીં.દક્ષિણ ગાઝાની નાસેર હૉસ્પિટલના વહીવટીતંત્રે જણાવ્યું કે, અનેક ભોજન વિતરણ કેન્દ્રો પર ઈઝરાયલની સેના દ્વારા હુમલા થયા હતા. તેના વિસ્તારમાંથી આઠ જણ મૃત્યુ પામ્યા. શાકૂશમાં એકને ગોળી વાગતાં મોત થયું હતું. જ્યારે મોરાગ કોરિડોરમાં અંધાધૂંધ ગોળીબારના કારણે નવ લોકોના મોત થયા. આ સિવાય ઇઝરાયલની સરહદમાં થઈને ગાઝા આવી રહેલા ટ્રકની રાહ જોઈ રહેલા લોકો પર પણ હુમલો થતાં અંદાજે ૨૩ લોકોના મોત થયા હતા.

## મલાઈકા આઉટિંગ પર નીકળી, સ્ટાઈલિશ લુકમાં છવાઈ ગઈ



। મુંબઈ, તા.૪ ।

બોલીવુડની અભિનેત્રી મલાઈકા અરોરાએ આ દિવસ તેના પુત્ર અરહાન ખાન સાથે ઉજવ્યો. બંને લંચ ડેટ પર ગયા હતા. જેની તસવીરો સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ છે.મલાઈકા અરોરા ફ્રેન્ડશીપ ડે પર પોતાના દીકરા અરહાન ખાન સાથે લંચ કરવા માટે એક કેફે પર પહોંચી હતી. આ દરમિયાન બંને સ્ટાઈલિશ દેખાતા હતા. આ આઉટિંગ માટે મલાઈકાએ સફેદ રંગનો લુક પસંદ કર્યો હતો. તેણે ડીપ નેક લાંબો ડ્રેસ પહેર્યો હતો, જેમાં તે પરી જેવી સુંદર દેખાતી હતી.મલાઈકા ખુલ્લા વાંકડિયા વાળ, ડાર્ક શેડની લિપસ્ટિક, હાઈ હિલ્સ અને ડિઝાઈનર બેગ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. અભિનેત્રીના દીકરાએ બ્લુ જીન્સ સાથે ગુલાબી રંગનું શર્ટ પહેર્યું હતું. આ લુકમાં અરહાન પણ ખૂબ જ ડેશિંગ લાગી રહ્યો હતો.કેફેમાંથી બહાર નીકળ્યા પછી મલાઈકા અને અરહાને પાપારાઝીને સાથે મળીને ઘણા પોઝ આપ્યા. આ તસવીરો ઈન્ટરનેટ પર છવાઈ ગઈ છે. આ તસવીરોમાં મલાઈકાના હાથમાં ગુલાબ પણ જોવા મળી રહ્યું છે. આ જોઈને લાગે છે કે અરહાને ફ્રેન્ડશીપ ડે પર તેની માતાને ખૂબ જ વિશેષ ટ્રીટમેન્ટ આપી છે.તમને જણાવી દઈએ કે અરહાન અભિનેત્રી મલાઈકા અરોરા અને અરબાઝ ખાનનો પુત્ર છે.

યમનના અબ્યાનના દરિયામાં ૧૫૪ ઈથોપિયનને લઈને જઈ રહેલી બોટ પાણીમાં ગરકાવ થઈ હતી

# યમનના દરિયામાં મોટી દુર્ઘટના । ૧૫૪ આફ્રિકન શરણાર્થીને લઈ જતી બોટ ડૂબી । ૬૪નાં મોત

**યમનમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૬૦,૦૦૦થી વધુ શરણાર્થીઓએ આશરો લીધો હતો જો કે, અત્યંત જોખમી દરિયાઈ માર્ગના કારણે છેલ્લા બે વર્ષમાં હજારો લોકો ડૂબ્યા**

। યમન, તા.૫ ।

યમનના દરિયામાં બોટ ઊંધી વળતાં અંદાજે ૬૮ આફ્રિકન શરણાર્થી ડૂબ્યા છે, જ્યારે ૭૪ ગુમ હોવાનું યુનાઈટેડ નેશન્સ માઈગ્રેશન એજન્સીએ જણાવ્યું હતું. રિપોર્ટ અનુસાર, ગઈકાલે મોડી રાત્રે ૧૫૪ ઈથોપિયનને લઈને આવી રહેલી બોટ યમનમાં અબ્યાનના દરિયામાં ગરકાવ થઈ હતી.

યમનમાં યુએનના ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશનના હેડ એબ્ડુસેટર સોઈવે આ અંગે માહિતી આપી હતી કે, યમનના અબ્યાનના દરિયામાં ૧૫૪ ઈથોપિયનને લઈને જઈ રહેલી બોટ પાણીમાં ગરકાવ થઈ હતી, જેમાં ૧૨ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ૫૪ શરણાર્થીઓ અને માઈગ્રન્ટ્સના મૃતદેહો ખાંફર જિલ્લાના દરિયા કિનારે તણાઈ આવ્યા હતાં. અન્ય ૧૪ના શબ પણ જુદી-જુદી જગ્યા પરથી મળી આવ્યા હતાં. જ્યારે હજી ૭૪ લોકો ગુમ છે.ઝાંઝીબારની હેડ ઓફિસના ડિરેક્ટર અબ્દુલ કાદર બજામિલે જણાવ્યું હતું કે, સ્થાનિક વહીવટી તંત્રે તમામ મૃતદેહોની દફનવિધિ માટે વ્યવસ્થા કરી રહી છે. તમામ પીડિતોના શબ શક્રા શહેર નજીક દફનાવવામાં આવશે. બીજી બાજુ ગુમ



લોકોની શોધ અને બચાવ કામગીરી ચાલુ છે.

યમન અને હોર્ન ઓફ આફ્રિકા વચ્ચેનો જળમાર્ગ જોખમી છે. જ્યાંથી શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓ માટે બંને દિશામાં મુસાફરી કરતો એક સામાન્ય પણ જોખમી દરિયાઈ માર્ગ છે. ૨૦૧૪માં ગૃહ યુદ્ધ ફાટી નીકળ્યા બાદ યમનના લોકો પલાયન માટે આ માર્ગ અપનાવી રહ્યા છે. બીજી બાજુ આફ્રિકામાં ખાસ કરીને સોમાલિયા અને ઈથોપિયામાં ચાલી રહેલા સંઘર્ષથી ભાગી રહેલા કેટલાક લોકોએ યમનમાં આશ્રય મેળવ્યો છે. તે પણ આ દરિયાઈ માર્ગનો ઉપયોગ કરે છે. ૅસ અનુસાર, આ દરિયાઈ માર્ગ વિશ્વના ''સૌથી વ્યસ્ત અને સૌથી જોખમી'' સ્થળાંતર માર્ગો પૈકી એક છે.

IOM અનુસાર, યમનમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૬૦,૦૦૦થી વધુ શરણાર્થીઓએ આશરો લીધો હતો. જો કે, અત્યંત જોખમી દરિયાઈ માર્ગના કારણે છેલ્લા બે વર્ષમાં હજારો લોકો ડૂબ્યા છે. ગતવર્ષે જ આ રૂટ પર ૫૫૮ લોકોએ જીવ ગુમાવ્યા હતાં. છેલ્લા એક દાયકામાં આ રૂટ મારફત મુસાફરી કરતાં ૨૦૮૨ લોકો ગુમ છે. જેમાં ૬૯૩ લોકો ડૂબી ગયા હતાં. ઝાંઝીબારની હેડ ઓફિસના ડિરેક્ટર અબ્દુલ કાદર બજામિલે જણાવ્યું હતું કે, સ્થાનિક વહીવટી તંત્રે તમામ મૃતદેહોની દફનવિધિ માટે વ્યવસ્થા કરી રહી છે.

**કાર્ની સરકારનો નિર્ણય**

## કેનેડામાં રહેતાં ભારતીયો હવે દાદા-દાદી કે માતા-પિતાને સાથે રાખી શકશે

**માર્ક કાર્ની સરકારે ભારત સાથે સંબંધો સુધારાવાની શરૂઆત કરી છે, જેને પગલે સરકારે વર્ષ ૨૦૨૫ માટે પીજીપી પ્રોગ્રામ ખોલ્યો છે**

। ટોરેન્ટો, તા.૪ ।

ખાલિસ્તાનીઓને સમર્થન અને ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નીજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાના આક્ષેપ મુદ્દે ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના સમયમાં કેનેડા અને ભારતના સંબંધો એકદમ તળીયે ગયા હતા. જોકે, માર્ક કાર્ની સરકારે ભારત સાથે સંબંધો સુધારાવાની શરૂઆત કરી છે, જેને પગલે સરકારે વર્ષ ૨૦૨૫ માટે પીજીપી પ્રોગ્રામ ખોલ્યો છે, જેના હેઠળ કેનેડામાં રહેતા ભારતીય મૂળના કેનેડિયનો અથવા સ્થાયી નિવાસી ભારતીયોને તેમના માતા-પિતા અથવા દાદા-દાદીને કેનેડા બોલાવવાની તક મળશે.કેનેડામાં રહેતા ભારતીયો તેમના પરિવારજનોને કેનેડા લાવવા માગતા હોય તો માર્ક કાર્ની સરકારે તેમને ખૂબ જ સારી તક આપી છે. કાર્ની સરકારે વિદેશી નાગરિકો માટે માતા-પિતા અને દાદા-દાદીને કેનેડા લાવવાનો કાર્યક્રમ પીજીપી ખોલી દીધો છે. આ કાર્યક્રમ હેઠળ ૧૭૮૬૦ લોકોને તેમના માતા-પિતા, દાદા-દાદીને કેનેડા લાવીને કાયમી નિવાસની તક અપાશે. કાર્ની સરકારે ૨૮ જુલાઈથી આ કાર્યક્રમ શરૂ કર્યો છે.ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટિઝનશીપ કેનેડા (આઈઆરસીસી) એ સ્થાનિક રહેવાસીઓ અને તેમના માતા-પિતા અથવા દાદા-દાદીને સ્પોન્સર કરવા ઈચ્છુક કેનેડિયન નાગરિકોને અરજી મોકલવાનું શરૂ કરી દીધું છે. આ પ્રોગ્રામ હેઠળ અરજી જમા કરવાની અંતિમ તારીખ ૯ ઑક્ટોબર છે. આઈઆરસીસી વર્ષ ૨૦૨૦માં સ્પોન્સર માટે રસ દાખવ્યો હોય તેવા લોકો તેમજ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ વચ્ચે આમંત્રણ મેળવ્યું ના હોય તેવા લોકોને જ આમંત્રણ મોકલશે. વિભાગ પસંદગીના પૂલમાંથી અંદાજે ૧૭૮૬૦ અરજીઓને મંજૂર કરશે. પીજીપી કેનેડિયન નાગરિકો, સ્થાયી રહેવાસીઓ અને રજિસ્ટર્ડ ભારતીયોના માતા-પિતા અને દાદા-દાદી માટે સ્થાયી નિવાસનો માર્ગ ખોલે છે. કેનેડા સરકારે કહ્યું છે કે આગામી બે સપ્તાહમાં આઈઆરસીસીના વર્ષ ૨૦૨૦ના પૂલમાંથી અરજી કરવા માટે ૧૭૮૬૦ નિમંત્રણ જાહેર કરાશે. તેના માટે પસંદગી પામેલા લોકોનો ઈ-મેલના માધ્યમથી સંપર્ક કરાશે અને તેમને સ્થાયી નિવાસ પોર્ટલનો ઉપયોગ કરીને તેમની અરજી ઓનલાઈન જમા કરવાની રહેશે.

## લવ એન્ડ વોરમાં પ્રિયંકા ચોપરા આઈટમ સોંગ કરે તેવી ચર્ચા



। મુંબઈ, તા.૪ ।

પ્રિયંકા ચોપરાના બોલીવૂડમાં પુનરાગમનની અટકળો લાંબા સમયથી ચાલે છે. હવે નવી ચર્ચા મુજબ તે રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલની મુખ્ય ભૂમિકા ધરાવતી સંજય લીલા ભણશાળીની 'લવ એન્ડ વોર'માં એક આઈટમ સોંગ કરે તેવી શક્યતા છે. પ્રિયંકા અગાઉ સંજય લીલા ભણશાળીની 'બાજીરાવ મસ્તાની'માં મુખ્ય ભૂમિકા કરી ચૂકી છે. આ ઉપરાંત તેણે રણવીર અને દીપિકાની મુખ્ય ભૂમિકા ધરાવતી સંજય લીલા ભણશાળીની ફિલ્મ 'રામલીલા'માં પણ એક આઈટમ સોંગ કર્યું હતું. પ્રિયંકાએ 'રામલીલા'નાં પોતાનાં ગીતની એક તસવીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેની સાથે તેણે લાંબુ કેપ્શન પણ લખ્યું હતું. પ્રિયંકા ભાગ્યે જ આ રીતે પોતાની કોઈ જૂની ફિલ્મના સીન કે સોંગ વિશે આટલી લાંબી પોસ્ટ કરે છે. તેથી ચાહકો માને છે કે આ કોઈ યોગાનુયોગ નથી અને પ્રિયંકા 'લવ એન્ડ વોર' માં પણ આ જ પ્રકારનાં ગીતનો સંકેત આપી રહી છે. 'લવ એન્ડ વોર' રાજ કપૂરની 'સંગમ'ની રીમેક હોવાનું કહેવાય છે. આ ફિલ્મ આગામી વર્ષે માર્ચ માસમાં રીલિઝ કરવાનું સંજય લીલા ભણશાળીનું પ્લાનિંગ છે. પ્રિયંકાની સોશિયલ મીડિયા પોસ્ટ પરથી અટકળો અગાઉ પ્રિયંકા સંજય લીલા ભણશાળીની રામલીલામાં પણ આઈટમ સોંગ કરી ચૂકી છે.

## અમેરિકામાં માર્ગ અકસ્માત : ગુજરાતી મૂળના ચાર વરિષ્ઠ નાગરિકોનાં મોત

। વોશિંગ્ટન, તા.૪ ।

અમેરિકામાં સડક યાત્રા દરમિયાન લાપતા થયેલા ગુજરાતી મૂળના પરિવારના ચાર સીનિયર સિટીઝન રવિવારે મૃત અવસ્થામાં મળી આવ્યા છે. માર્શલ કાઉન્ટી શેરીફ ઓફિસે તમામ વરિષ્ઠ નાગરિકોનું કાર અકસ્માતમાં મૃત્યુ થવાને સમર્થન આપ્યું છે. મૃત્યુ પામેલા તમામ લોકોની ઉંમર ૮૦ વર્ષથી વધુ છે. શેરિફ ઓફિસના એક નિવેદન અનુસાર તેમનું વાહન બિગ વ્હીલિંગ ક્રીક રોડની પાસ એક ઢાળ પર ક્ષતિગ્રસ્ત સ્થિતિમાં મળી આવ્યું હતું. આ વિસ્તાર ખૂબ જ અંતરિયાળ હતું. જેના કારણે બચાવ દળને દુર્ઘટના સ્થળ સુધી પહોંચવામાં પાંચ કલાકથી વધુ સમય લાગ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ ૮૯ વર્ષીય ડો. કિશોર દીવાન, ૮૫ વર્ષીય આશા દીવાન, ૮૬ વર્ષીય શૈલેશ દીવાન અને ૮૪ વર્ષીય ગીતા દિવાન તરીકે કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર તેઓ ૨૯ જુલાઈએ પેન્સિલવેનિયાના એરીમાં પીચ સ્ટ્રીટ પર એક બર્ગર કિંગ આઉટલેટ પર દેખાયા હતાં. તેમણ અહીં છેલ્લી વખતે ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કર્યુ હતું. શેરિફ માઈક ડોઘર્ટીએ દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દુર્ઘટનાના કારણો જાણવા તપાસ ચાલુ છે. આ તમામ લોકો માર્શલ કાઉન્ટી સ્થિત પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ પેલેસ ઓફ ગોલ્ડ જઈ રહ્યાં હતાં.

## 'યુક્રેન સામેના યુદ્ધમાં ભારત રશિયાને કરી રહ્યું છે ફન્ડિંગ...', ટ્રમ્પ સરકારનો ફરી ગંભીર આરોપ

। વોશિંગ્ટન, તા.૪ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટોચના સલાહકાર સ્ટીફન મિલરે ભારત પર રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન સામેના યુદ્ધમાં પુતિનના દેશને પરોક્ષ રીતે ભંડોળ પૂરું પાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આ ટ્રમ્પને ''સ્વીકાર્ય નથી'' અને ભારતે તેની નીતિ પર પુનર્વિચાર કરવો જોઈએ. સ્ટીફન મિલર ટ્રમ્પ સરકારમાં વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ છે અને તેમનું નિવેદન અમેરિકા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા મુખ્ય આરોપોમાંનું એક છે.

એક ઈન્ટરવ્યુમાં મિલરે કહ્યું, ''ડોનાલ્ડ ટ્રમ્પે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ભારત માટે રશિયા પાસેથી તેલ ખરીદીને આ યુદ્ધને ભંડોળ પૂરું પાડવું સ્વીકાર્ય નથી.'' અહેવાલ મુજબ, ટ્રમ્પના ટોચના સલાહકારે કહ્યું કે લોકોને એ જાણીને આશ્ચર્ય થશે કે ભારત હવે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના સંદર્ભમાં ચીન સમકક્ષ થઈ ગયું છે. મિલરે તેને ''આશ્ચર્યજનક હકીકત'' ગણાવી.

મિલરની આ ટિપ્પણીને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અત્યાર સુધીની ભારતની સૌથી તીવ્ર ટીકા માનવામાં આવે છે, ખાસ કરીને જ્યારે ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનો મહત્વપૂર્ણ ભાગીદાર છે. જોકે, મિલરે ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધો ''શાનદાર'' હોવાનું કહીને તેમના નિવેદનને સંતુલિત કર્યું.

આ મુદ્દે ભારત સરકાર તરફથી અત્યાર સુધી કોઈ સત્તાવાર જવાબ આવ્યો નથી. રોઈટર્સના અહેવાલમાં જણાવાયું છે કે વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે, પરંતુ ભારત સરકારે સંકેત આપ્યો છે કે અમેરિકાના દબાણ છતાં, ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે.

**છેલ્લે ૧૪૬૩માં જ્વાળામુખી ફાટયો હતો**

**ક્રાશનિનિકોવ સક્રિય થતાં ૧,૮૫૬ મીટર ઊંચા શિખર પરથી ૬,૦૦૦ મીટર ઊંચે રાખ વાતાવરણમાં ફેલાઈ**

# રશિયામાં ૬૦૦ વર્ષના સમયગાળા બાદ જ્વાળામુખી ફાટી નીકળ્યો

। મોસ્કો, તા.૪૩ ।

રશિયાના કામચાટ્કા પ્રદેશમાં આવેલો ક્રાશેનિનિકોવ જ્વાળામુખી આધુનિક ઈતિહાસમાં પહેલી વાર ફાટી નીકળ્યો છે. રશિયાના પૂર્વ ભાગમાં આવેલો જ્વાળામુખી ભૂકંપના કારણે ફરી એકવાર સક્રિય થયો છે. રવિવારે સવારે ૪:૫૦ વાગ્યે જ્વાળામુખી ફાટયો હતો. જેમાં, ૧,૮૫૬ મીટર ઊંચા શિખર પરથી ૬,૦૦૦ મીટર ઊંચી રાખ વાતાવરણમાં ફેલાઈ હતી.

લગભગ ૬૦૦ વર્ષમાં પહેલીવાર ક્રાશેનિનિકોવ જ્વાળામુખી ફાટયો છે. રિપોર્ટ મુજબ, ઢોળાવ પર લાવાનું ગુંબજ બની રહ્યું છે અને ઉત્તરી ભાગમાં ભારે ગેસ ઉત્સર્જન સાથે રાખ જોવા મળી રહી



છે. સંશોધક સ્ટેપન ક્રાશનિનિકોવના નામે જે જ્વાળામુખીને નામ આપવામાં હતું ત્યાં છેલ્લી વાર લાવા ફાટવાની ઘટના લગભગ ૧૪૬૩માં બની હતી. ૧૯૬૩માં ફ્યુમેરોલિક એક્ટિવિટી નોંધાઈ હતી, પરંતુ જ્વાળામુખી ફાટયો નહોતો. ઉલ્લેખનીય છે કે, ૩૦ જુલાઈના રોજ કામચાટકાના દક્ષિણ-પૂર્વમાં ૮.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

આ ભૂકંપને કારણે પેસિફિક વિસ્તારમાં સુનામીની ચેતવણી બાદ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ, યુરેશિયાના સૌથી ઊંચા જ્વાળામુખીઓમાંનો એક ક્લ્યુચેવ્સ્કાયા સોપ્કા પણ ફાટી નીકળ્યો હતો, જેને અધિકારીઓએ ૭૦ વર્ષમાં સૌથી મોટી ઘટના ગણાવી હતી.

રશિયાના અન્ય જ્વાળામુખીઓ શિવેલુચ, કારીમ્સ્કી, બેઝિમિયાની અને કામબાલ્નીમાં પણ હલચલ જોવા મળી રહી છે. જેમાં રાખ ૧૦,૦૦૦ મીટર સુધી પહોંચી શકે છે. અધિકારીઓએ નજીકના રહેવાસીઓ અને મુલાકાતીઓને સક્રિય જ્વાળામુખીથી ઓછામાં ઓછા ૧૦ કિલોમીટર દૂર રહેવાની સલાહ આપી છે. રશિયાના કામચાટ્કા પ્રદેશમાં આવેલો ક્રાશેનિનિકોવ જ્વાળામુખી આધુનિક ઈતિહાસમાં પહેલી વાર ફાટી નીકળ્યો છે. રશિયાના પૂર્વ ભાગમાં આવેલો જ્વાળામુખી ભૂકંપના કારણે ફરી એકવાર સક્રિય થયો છે. રવિવારે સવારે ૪:૫૦ વાગ્યે જ્વાળામુખી ફાટયો હતો. જેમાં, ૧,૮૫૬ મીટર ઊંચા શિખર પરથી ૬,૦૦૦ મીટર ઊંચી રાખ વાતાવરણમાં ફેલાઈ હતી.

લગભગ ૬૦૦ વર્ષમાં પહેલીવાર ક્રાશેનિનિકોવ જ્વાળામુખી ફાટયો છે. રિપોર્ટ મુજબ, ઢોળાવ પર લાવાનું ગુંબજ બની રહ્યું છે અને ઉત્તરી ભાગમાં ભારે ગેસ ઉત્સર્જન સાથે રાખ જોવા મળી રહી છે. સંશોધક સ્ટેપન ક્રાશનિનિકોવના નામે જે જ્વાળામુખીને નામ આપવામાં હતું.

પાકિસ્તાનમાં ક્રૂડના કોઈ ભંડાર નથી, મુનીરે ગેરમાર્ગે દોર્યા : બલોચ નેતા

સ્થાનિક જનતાની મંજૂરી વિના તમે અહીં કામ નહીં કરી શકો । આતંકી સંગઠનોની સંરક્ષક આઈએસઆઈ બલૂચિસ્તાનની ખનીજ સંપત્તિ દુનિયામાં આતંકવાદ ફેલાવવા વાપરશે

# બલૂચિસ્તાનના ઓઈલ ભંડારો પાક.ના નથી : બલોચ નેતાની ટ્રમ્પને ચેતવણી

। ક્વેટા, તા.૪ ।

ભારત સાથે વેપાર સોદાની વાટાઘાટો વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનમાં ઓઈલ ભંડારો હોવાનો દાવો કરી આ ઓઈલ ભંડારો વિકસાવવા માટે પાકિસ્તાન સાથે સોદો કરવાની જાહેરાત કરીને દુનિયાને આંચકો આપ્યો હતો. જોકે, અમેરિકા અને પાકિસ્તાનના ઓઈલ કરારોથી ઉશ્કેરાયેલા બલોચ નેતાઓએ ટ્રમ્પને સીધી ચેતવણી આપી છે અને કહ્યું છે કે આ ઓઈલ ભંડારો પાકિસ્તાનના પંજાબ નહીં પરંતુ રિપબ્લિક ઓફ બલૂચિસ્તાનમાં આવેલા છે. સ્થાનિક જનતાની મંજૂરી વિના તમે અહીં કામ નહીં કરી શકો.આતંકી સંગઠનોની સંરક્ષક આઈએસઆઈ બલૂચિસ્તાનની ખનીજ સંપત્તિ દુનિયામાં આતંકવાદ ફેલાવવા વાપરશે : મીર યારબલુચીસ્તાનમાંથી ક્રૂડ ઓઈલ કાઢવા માટે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે સોદા થતા બલુચ નેતાઓ ઉશ્કેરાઈ ગયા છે. તેમણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સીધી ચેતવણી આપતાં કહ્યું છે કે પાકિસ્તાનના આર્મી ચીફ આસીમ મુનીરે તમોને ગેરમાર્ગે દોર્યા છે. આ ક્ષેત્રના તમામ પ્રાકૃતિક સંસાધનો પાકિસ્તાનનાં નથી, પરંતુ એક સ્વતંત્ર



રાષ્ટ્ર બલુચીસ્તાનનાં છે. જોકે, આ વિસ્તાર પર પાકિસ્તાને ૧૯૪૮થી ગેરકાયદે રીતે કબજો કરેલો છે. આ સાથે બલોચ નેતા મીર યારે કહ્યું કે આ ક્ષેત્ર વેચાઉ નથી. તેનાં સંસાધનોના દોહનનો કોઈ અન્ય દેશ, ચીન કે ખુદ પાકિસ્તાનને પણ કોઈ અધિકાર નથી. કોઈ પણ સ્થિતિમાં અમે તેનું દોહન કરવાનું સ્વીકારી શકીએ નહીં. પાકિસ્તાનની સેના અને તેની જાસૂસી સંસ્થા આઈએસઆઈ આતંકી સંગઠનોના સંરક્ષક છે. તેઓ બલૂચિસ્તાનની ખનીજ સંપત્તિનો ઉપયોગ સ્થાનિક જનતાના લાભ માટે નહીં પરંતુ દુનિયામાં આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે કરશે, જે વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર જોખમ છે.સોશ્યલ મીડીયા પર ટ્રમ્પને લખેલા એક ખુલ્લા પત્રમાં મીર યારે આસીમ મુનીરને પણ નિશાન ઉપર લીધા હતા. તેમણે ટ્રમ્પને સંબોધિત કરેલા પત્રમાં લખ્યું હતું કે આ ક્ષેત્રમાં વિશાળ ક્રૂડ ઓઈલ ભંડારો અને ખનિજ ભંડારો અંગે આપને (ટ્રમ્પને) ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. હું આપને અને આપનાં વહીવટી તંત્રને જણાવવા માગું છું કે પાકિસ્તાનનાં સૈન્યના અધિકારીઓ અને જનરલ આસીમ મુનીરે આપને અહીંની ભૂગોળ વિષે જે માહિતી આપી છે, તે પૂરેપૂરી ખોટી છે. આપને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે.મીર યારે પાકિસ્તાનનાં સૈન્યને આડે હાથે લેતાં લખ્યું કે આ ક્ષેત્ર પાકિસ્તાનની મૂળ જમીન એટલે કે પંજાબમાં નથી આવ્યું, પરંતુ બલુચીસ્તાન ગણરાજ્યનો ભાગ છે.

### છેલ્લા ૪ વર્ષોમાં ગુજરાતમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫૬ લાખ મેટ્રિક ટન રહ્યો છે

# ગુજરાતની વધુ એક સિદ્ધિ I મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં બીજા નંબરે I ૨૦૨૪-૨૫માં ૧૦.૩૭ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્લૂ ઇકોનોમી વિકસિત કરવા પર ભાર મૂકી રહ્યા છે I તેઓએ તાજેતરમાં જ કહ્યું હતું કે, 'આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં ગ્રીન પ્લેનેટના નિર્માણ માટે બ્લૂ ઇકોનોમી એક માધ્યમ બનશે'**

I પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્લૂ ઈકોનોમી વિકસિત કરવા પર ભાર મૂકી રહ્યા છે. તેઓએ તાજેતરમાં જ કહ્યું હતું કે, 'આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં ગ્રીન પ્લેનેટના નિર્માણ માટે બ્લૂ ઈકોનોમી એક માધ્યમ બનશે.' ગુજરાતમાં દેશનો સૌથી લાંબો ૨૩૪૦.૬૨ કિમીનો દરિયાકિનારો છે, જે દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં બીજા સ્થાને છે. છેલ્લા ૪ વર્ષોમાં ગુજરાતમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫૬ લાખ મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૦૪,૮૨૮ મેટ્રિક ટન અને આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૩,૦૭૩ મેટ્રિક ટન થયું હતું. છે. આમ, વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૯,૦૭,૯૦૧ મેટ્રિક ટન રહ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૬૪,૩૪૩ મેટ્રિક ટન, જ્યારે આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૭૨,૪૩૦ મેટ્રિક ટન થવાની સંભાવના છે. આમ, વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૧૦,૩૬,૭૭૩ મેટ્રિક ટન થવાની સંભાવના છે.



મત્સ્યઉદ્યોગનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધે તેમજ માછીમારોની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના સમગ્ર દેશમાં લાગુ કરી છે, જેમાં મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, મત્સ્ય ઉત્પાદન, ઉત્પાદકતા અને ગુણવત્તાથી લઈને ટેક્નોલૉજી, પોસ્ટ-હાર્વેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટિંગ સુધીની ફિશરીઝ વેલ્યુ ચેઈનમાં રહેલી મહત્વપૂર્ણ ખામીઓને દૂર કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ વેલ્યુ ચેઈનને આધુનિક અને મજબૂત બનાવવાનો, ટ્રેસેબિલિટી એટલે કે શોધક્ષમતા વધારવાનો અને એક મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન માળખું સ્થાપિત કરવાની સાથે-સાથે માછીમારોનું સામાજિક-આર્થિક કલ્યાણ સુનિશ્ચિત કરવાનો છે.પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધી કુલ ૮૯૭.૫૪ કરોડના વિવિધ ઘટકો ધરાવતા પ્રોજેક્ટ્સ માટે ભારત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે PMMSY હેઠળ ગુજરાતને ૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેનાથી પણ રાજ્યમાં મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિઓને વેગ મળી રહ્યો છે.

## પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં ગુજરાત માટે કેન્દ્ર તરફથી ૫૦ કરોડની ગ્રાન્ટ રિલીઝ





### ગુજરાતના ૨૩૪૦.૬૨ કિમી લાંબા દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો લાભ લેવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેક પહેલો હાથ ધરી

ગુજરાતના ૨૩૪૦.૬૨ કિમી લાંબા દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો લાભ લેવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેક પહેલો હાથ ધરી છે, જેમાં ડીઝલના વેટદરમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલની ખરીદી પર સબસીડીની સુવિધા, ઝીંગા માછલીઓના પાલન માટે જમીન આપવી, રસ્તા અને વીજળીની સુવિધાઓ, નાના માછીમારો માટેના બંદરોની માળખાકીય સુવિધાઓમાં વધારો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે જ માઢવાડ, નવાબંદર, વેરાવળ-૨ અને સૂત્રાપાડામાં ચાર નવા મત્સ્ય બંદરોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

### વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૦૪,૮૨૮ મેટ્રિક ટન અને આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૩,૦૭૩ મેટ્રિક ટન થયું

ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં બીજા સ્થાને છે. છેલ્લા ૪ વર્ષોમાં ગુજરાતમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ લગભગ ૮.૫૬ લાખ મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં રાજ્યમાં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭,૦૪,૮૨૮ મેટ્રિક ટન અને આંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨,૦૩,૦૭૩ મેટ્રિક ટન થયું હતું. છે. આમ, વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ માછલી ઉત્પાદન લગભગ ૯,૦૭,૯૦૧ મેટ્રિક ટન રહ્યું હતું.

### વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઘણી નવી પહેલો શરૂ કરી I ઝીંગા તળાવની પૂર્વ તૈયારી માટે દવા અને મિનરલ વગેરેનો સમાવેશ

ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઘણી નવી પહેલો શરૂ કરી છે, જેમાં મત્સ્ય ઉછેર અને ઉત્પાદન માટે બાયોફ્લોક/ રિસર્ક્યુલેટિંગ એક્વાકલ્ચર સિસ્ટમ (ઇછજી)ની સ્થાપનામાં સહાય, ઝીંગા તળાવની પૂર્વ તૈયારી માટે દવા અને મિનરલ તેમજ ખોરાક તરીકે આપવામાં આવતા પ્રોબાયોટિકની ખરીદી ઉપર સહાય, કેજ કલ્ચર માટે સહાય (ભાંભરાપાણી)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આધુનિક બોટ બિલ્ડીંગ યાર્ડની સ્થાપના ઉપર સહાય, બોટ માલિકો, મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ તથા મત્સ્ય વેપારીઓ માટે બ્લાસ્ટ ફ્રિઝર તથા કોલ્ડસ્ટોરેજ સ્થાપવા ઉપર સહાય, પરંપરાગત માછીમારો માટે હોડી (રિપ્લેસમેન્ટ) અને જાળી પ્રદાન કરવી, ફિશ બાય-પ્રોડક્ટ પ્રોસેસિંગ યુનિટ, સી-વીડ સીડ બૅન્કની સ્થાપના ઉપર સહાય, શ્રીમ્પ/ફિશ /ક્રૅબ હેચરીની સ્થાપના ઉપર સહાય, સી-વીડ કલ્ચર વગેરે માટે પણ સહાય (રાફ્ટ/ટ્યુબ નેટ) આપવામાં આવશે.

---

### ૧૫ ઉમેદવારોનાં છઠ્ઠી તારીખે ઇન્ટરવ્યુ લેવાશે

## મ્યુનિસિપલમાં આઠ વર્ષ બાદ પોતાનાં કહી શકાય તેવા 3 ડે. કમિશનરની ભરતી થશે

**મ્યુનિ.માં વર્ષો અગાઉ મોટાભાગનાં ડે.કમિશનર તરીકે મ્યુનિ.નાં જ સિનિયર અને અનુભવી અધિકારીઓની નિમણૂંક કરાતી હતી**

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

મ્યુનિ.માં લગભગ આઠ વર્ષ બાદ પોતાનાં કહી શકાય તેવા એટલે કે મ્યુનિ.નાં જ અધિકારીઓમાંથી અને બહારનાં ઉમેદવારોમાંથી કુલ ત્રણ ડે.કમિશનરની ભરતી કરવામાં આવશે અને મહત્વની જગ્યાઓ ઉપર કોનો નંબર લાગશે તે બાબતે મ્યુનિ.વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો શરૂ થઈ છે.મ્યુનિ.માં વર્ષો અગાઉ મોટાભાગનાં ડે.કમિશનર તરીકે મ્યુનિ.નાં જ સિનિયર અને અનુભવી અધિકારીઓની નિમણૂંક કરાતી હતી. પરંતુ પ્રમોશન અને આર.આર. ઘડવાની માંગ સાથે થયેલાં કોર્ટ કેસ બાદ આખો મામલો ફરી ગયો હતો અને ડે.કમિશનરની નિમણૂંકની સત્તા રાજ્ય સરકાર હસ્તક થઈ ગઈ હતી. જોકે અમદાવાદને બાદ કરતાં અન્ય મહાનગરપાલિકાઓમાંથી વ્યાપક વિરોધ થતાં રાજ્ય સરકારે જે તે મહાનગરપાલિકામાં ડે.કમિશનરની શિડ્યુલ મુજબની જેટલી જગ્યા હોય તેમાંથી અમુક જગ્યા જ જે તે મહાનગરપાલિકા ભરી શકશે તેવો સુધારો કરી આપ્યો હતો.બીજી બાજુ ૨૦૦૯માં ડે.કમિશનર તરીકે આર્જવ શાહ અને દિલીપ ગોરની નિમણૂંક થઈ તે પછી દિલીપ ગોર ૨૦૧૬માં નિવૃત્ત થયાં તે પછી મ્યુનિ.માં પોતાનાં ડે.કમિશનરની ભરતી માટે કોઈ નક્કર પ્રયાસો કરવામાં આવ્યા નહોતા અને તેના માટે જે તે સમયનાં કમિશનરો તેમજ ભાજપનાં હોદ્દેદારોએ પણ કોઈ ખાસ રસ લીધો નહોતો. પરંતુ વર્તમાન ટર્મનાં મ્યુનિ.હોદ્દેદારોએ મ્યુનિ.નાં ત્રણ ડે.કમિશનરની ખાલી જગ્યા ભરવા માટે આગ્રહ સેવતાં કમિશનરે નિયમાનુસાર ડે.કમિશનરની બે જગ્યા અંદરથી અને એક જગ્યા બહારથી ભરવા માટે જાહેરાત આપી હતી અને ગત સપ્ટેમ્બરમાં તેના માટે પરીક્ષા પણ લેવાઈ હતી.




### ભયજનક સપાટીથી 3 ફૂટ નીચે

## ભરૂચ અંકલેશ્વર ગોલ્ડન બ્રિજ પાસે નર્મદાની સપાટી ૨૧ ફૂટ પર પહોંચી

**નર્મદા ડેમના ૫ દરવાજા ૫૪ કલાક બાદ બંધ : ડેમ મહત્તમ ૧૩૩.૫૦ મીટર અને ગોલ્ડન બ્રિજ ૨૦.૯૨ ફૂટે સ્પર્શી પરત I સરદાર સરોવર ડેમ માંથી બે દિવસમાં ૭ લાખ ક્યુસેક કરતા વધુ પાણી નર્મદા નદીમાં ઠલવાયું**

I પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૪ I

અંકલેશ્વર ગોલ્ડન બ્રિજ પાસે નર્મદાની સપાટી ૨૧ ફૂટ પર પહોંચી હતી. સરદાર સરોવર ડેમ માંથી બે દિવસમાં ૭ લાખ ક્યુસેક કરતા વધુ પાણી નર્મદા નદી માં ઠલવાયું છે. નર્મદા ડેમના ૫ દરવાજા ૫૪ કલાક બાદ બંધ થયા છે. ડેમ મહત્તમ ૧૩૩.૫૦ મીટર અને ગોલ્ડન બ્રિજ ૨૦.૯૨ ફૂટે સ્પર્શી પરત ફરી રહ્યા છે. ભયજનક સપાટીથી ૩ ફૂટ નીચે નર્મદા વહ્યા બાદ ધીમી ગતિ એ પાણી ઉતરવાની શરુ આત થઈ હતી. રવિવારે સાંજે ૪ કલાક નર્મદા ડેમની સપાટી ૧૩૨.૧૮ મીટર અને ગોલ્ડન બ્રિજ નદીની સપાટી ૨૦.૮૬ ફૂટ નોંધાઈ છે.

ઉપરવાસમાંથી આવક માત્ર ૭૩૮૦૩, નદીમાં જાવક ૧.૪૫ લાખ ક્યુસેક થઈ છે. હાલ ૧૦ દરવાજા ૧.૭૫ મીટર ખુલ્લા રખાયા છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૩.૫૦ મીટર અને ભરૂચમાં ગોલ્ડન બ્રિજ જળસ્તર ૨૦.૯૨ ફૂટે સ્પર્શી છે. સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસ મધ્યપ્રદેશમાં ભારે વરસાદને લઈ નર્મદા ડેમના પહેલા ૫ બાદ ૧૦ અને પછી ૧૫ દરવાજા ખોલાયા હતા. ડેમમાં અપસ્ટ્રીમ માંથી પાણીની મહત્તમ આવલ ૪.૩૫ લાખ ક્યુસેક સુધી પહોંચી હતી ૧ ઓગસ્ટ સવારે ૮ કલાક કુલ ૧૫ દરવાજા ખોલી નખાયા હતા. ડેમમાંથી નર્મદા નદીમાં મહત્તમ ૩.૯૫ લાખ ક્યુસેક પાણીનો જથ્થો છોડાતા નદી બે કાંઠે વહેતી થઈ હતી. ભરૂચ ગોલ્ડન બ્રિજ નર્મદા નદીનું જળસ્તર આજે રવિવારે બપોરે મહત્તમ ૨૦.૯૨ ફૂટે પહોંચી હતી. ઉપરવાસમાંથી પાણી ની આવક ઘટીને ૭૩૮૦૩ ક્યુસેક થઈ જતા આજે બપોરે ૨ કલાકે ડેમના ૫ દરવાજા બંધ કરી દેવાયા હતા. હાલ ડેમમાંથી નદીમાં ૧.૪૫ લાખ ક્યુસેક પાણી ઠલવાય રહયુ હોય ગોલ્ડન બ્રિજ ખાતે સાંજે ૪ કલાકથી સપાટી નીચે ઊતરી ૨૦.૮૬ ફૂટ નોંધાઈ હતી. જ્યારે નર્મદા ડેમનું લેવલ ઘટીને ૧૩૨.૧૮ મીટરે ઉતર્યું હતું.ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો થતાં નર્મદા ડેમમાંથી પાણી છોડવાનું ઓછું કરાયુંસરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો થતાં નર્મદા ડેમમાંથી પાણી છોડવાનું ઓછું કરાયું છે.ગુજરાત રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાંથી પાણીની ધરખમ આવકના પગલે ગઈ કાલે ૧૦ દરવાજા ખોલીને પાણી છોડાતું હતું.



### વડોદરાના તરસાલીમાં

## પેટ્રોલ પંપ પર મશીન પર લટકાવેલા પર્સમાંથી ૩૫૦૦૦ રોકડાની ચોરી

I પ્રતિનિધિ, વડોદરા, તા.૪ I

વડોદરાના તરસાલીમાં સોમનાથ નગરની બાજુમાં મંગલ આ ગ્રીનમાં રહેતા અને લાલબાગ બ્રિજ નીચે આવેલ પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે નોકરી કરતા ધીરેન્દ્ર ત્રિભુવનભાઈએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત ૧૪ મી જુલાઈના રોજ સવારે પેટ્રોલ પંપ ખોલ્યો હતો. પેટ્રોલ ભરવાના મશીન પર નગમાબેન મલેક કસ્ટમરને ગાડીઓમાં પેટ્રોલ ભરતા હતા. સાંજે ૭:૧૫ વાગે પેટ્રોલ પંપના મશીનની બાજુના હુકમાં લટકાવેલા પર્સમાંથી કોઈ આરોપી નગમાબેનની નજર ચૂકવીને ૩૫૦૦૦ ની ચોરી કરીને લઈ ગયો હતો. આ અંગે પોલીસે ૨૧ દિવસ બાદ ગુનો દાખલ કર્યો છે.વડોદરાના તરસાલીમાં સોમનાથ નગરની બાજુમાં મંગલ આ ગ્રીનમાં રહેતા અને લાલબાગ બ્રિજ નીચે આવેલ પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે નોકરી કરતા ધીરેન્દ્ર ત્રિભુવનભાઈએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત ૧૪ મી જુલાઈના રોજ સવારે પેટ્રોલ પંપ ખોલ્યો હતો.


CAR WORLD
AUTO GARAGE
Karan Panchal
+91 9427796859
Mahesh Gajnotar
+91 9824699827
Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.


### ગુજરાત રાજ્યમાં ૨ હજારથી વધુના લાયન્સ રદ

## બેફામ વાહન હંકારતા શખ્સોને ટ્રાફિક પોલીસે ફટકાર્યો ૧૧ કરોડનો દંડ

**અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી રોન્ગ સાઇડ તથા ઓવર સ્પિડમાં બેફામ બેદકારી ભર્યા ડ્રાઇવિંગના કારણે અકસ્માતની વણઝાર લાગી છે**

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી રોન્ગ સાઈડ તથા ઓવર સ્પિડમાં બેફામ બેદકારી ભર્યા ડ્રાઈવિંગના કારણે અકસ્માતની વણઝાર લાગી છે. માતેલા સાંઢની જેમ વાહનો હાંકી વાહન ચાલકો નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યા છે. ત્યારે રસ્તાને બાપની જાગીર સમજીને વાહનો ચલાવીને અકસ્માત સર્જનારા વાહન ચાલકો સામે અમદાવાદ આરટીઓએ તવાઈ બોલાવી છે.જેમાં છેલ્લા દોઢ વર્ષમાં રોન્ગ સાઈડ, અકસ્માતમાં મોત, ઓવર સ્પિડ, ઓવર લોડ ફીટનેશ સહિતના કાયદાના ભંગ બદલ દોઢ વર્ષમાં રૂા. ૧૦.૯૮ કરોડ વસૂલીને ૨૧૬૧ વાહન ચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કર્યા છે. જ્યારે બીજા રાજયમાં જઈ રફ ડ્રાઈવિંગ કરતા અમદાવાદીઓ પાસેથી ૨૮૪ વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ્યા પછી આરટીઓએ ડ્રાઈવિંગ લાયસન્સ રદ કર્યા છે.અમદાવાદમાં નશામાં ધૂત નબીરાઓ દ્વારા બેફામ વાહનો હંકારતા વધી રહેલા હિટ એન્ડ રન અને અકસ્માતમાં મોતના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે, રોન્ગ સાઈડમાં વાહન હંકારતા તેમજ હેલ્મેટ વગર વાહન ચલાવતા અને ફૂલ સ્પીડમાં વાહન ચલાવીને અકસ્માત કરવાના વધી રહેલા કેસ અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવાર નવાર ટ્રાફિક પોલીસને આવા વાહન ચાલકો સામે પોલીસ ફરિયાદ સહિત કડક પગલાં લેવા માટે ટકોર કરવામાં આવે છે. માતેલા સાંઢની જેમ વાહનો હાંકી વાહન ચાલકો નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યા છે.

### ૨૧૬૧ વાહન ચાલકોના ડ્રાઇવિંગ લાયસન્સ સસ્પેન્ડ કર્યા



બીજી તરફ અમદાવાદ આરટીઓ દ્વારા કડક વલણ અપનાવીને ૧-૦૪-૨૪થી ૩૧-૦૭-૨૫ સુધી ૧૬ મહિનામાં રોન્ગ સાઇડ, હેલમેટ, વાંરવાર ટ્રાફિકના કાયદાનો ભંગ, ટેક્ષ, લાયસન્સ, પીયુંસી, ફીટનેશ ઉપરાંત ઓવરલોડ વાહનો ડિટેઇન કરીને તેમની પાસેથી રૂા. ૧૦.૯૮ કરોડ વસૂલીને દંડ વસૂલીને ૨૧૬૧ વાહન ચાલકોના ડ્રાઇવિંગ લાયસન્સ ત્રણથી છ મહિના સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે બીજા રાજ્યમાં જઇ રફ ડ્રાઇવિંગ કરતા અમદાવાદીઓ પાસેથી જે તે શહેરની પોલીસે ૨૮૪ વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ્યા પછી લાયસન્સ અમદાવાદથી ઇસ્યું થયા હોવાથી અમદાવાદ આરટીઓમાં મોકલી આપતા તેમના પણ ડ્રાઇવિંગ લાયસન્સ રદ કર્યા હતા. કારણ કે સ્થળ ઉપર દંડ ભરીને વાહન ચાલકને છોડી મૂકવાથી વાહન ચાલકોમાં કોઇ ફરક પડવાનો નથી પરંતું કાયદનો ડર પેંદા કરવા જરુરી છે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya